૫૩૩૮

(ભગવાનના ભકતોને ભાવતી.)

શ્રી પ્રાર્થના રત્નમાળા.

" જૂદા જૂદા રાગનાં એકઓને આઠ પદ. "

ભગવાંનનુંજ વચન છે કે—

"नाहं वसामि वैकुंठे योगींनां हृदयेनच"

"मद्भक्ता यत्र गायन्ति तत्र तिष्ठामि नारद"

હે નારદ ! હું વૈકુંઠમાં વસતો નથી, યોગીના હૃદયમાં પણ વસતો નથી, મારા ભક્તો જ્યાં ગાયન કરેછે ત્યાં હુ સ્થિતી કરૂંછું.

માટે સર્વ ભકતોને ભાવપૂર્વક ગાવા સારૂ
લખનાર તથા છપાવનાર.

અનંતપ્રસાદ ત્રીકમલાલ વૈશ્નવ પાટણ.

નડીઆદ સત્યસાગર પ્રેસ.

સંવત ૧૯૪૫

કીંમત ચાર આંના

૫૩૩૮

(ભગવાનના ભકતોને ભાવતી.)

શ્રી પ્રાર્થના રત્નમાળા.

" જૂદા જૂદા રાગનાં એકસોને આઠ પદ. "

ભગવાંનનુંજ વચન છે કે—

"नाहं वसामि वैकुंठे योगीनां हृदयेनच"
"मद्भक्ता यत्र गायन्ति तत्र तिष्ठामि नारद"

હે નારદ ! હું વૈકુંઠમાં વસતો નથી, યોગીના હૃદયમાં પણ વસતો નથી, મારા ભકતો જ્યાં ગાયન કરેછે ત્યાં હું સ્થિતી કરૂંછું.

માટે સર્વ ભકતોને ભાવપૂર્વક ગાવા સારૂ
લખનાર તથા છપાવનાર.
અનંતપ્રસાદ ત્રીકમલાલ વૈશ્નવ પાટણ.

નડીઆદ સત્યસાગર પ્રેસ.

સંવત ૧૯૪૯

કીંમત ચાર આંના

શ્રીમતેરામાનુજાયનમઃ

લક્ષ્મીપતિના કીર્તનથી કળીયુગમાં તો મુકિત છે, એમ શાસ્ત્ર કહેછે. માત્ર નામ સંકીર્તન કરતાં સ્તુતિ પ્રાર્થનાથી વધારે લાભ છે. તે સાદા શબ્દોમાં કહેવા કરતાં ગાયનમાં કહેવાથી વધારે લાભ છે. અને તે ગાતી વખતે તે ગાયનના શબ્દોના અર્થમાં ધ્યાન આપતાં જઇ તેવા ભાવ પૂર્વક ગાવાથી તેનું ફળ પુરે પુરૂં મળે છે.

માત્ર ગાવાના શોકથી બાળકો નાટકોનાં ગાયનોને સ્ત્રીઓ બીજાં ગીતો ગાયાં કરેછે તે કરતાં એવાજ રાગનાં ભગવાનનાં ભજન ગાય તો તેમનો ગાવાનો શોક પુરો પડવા સાથે ભકિત પણ થાય.

મારાં એવાં પદોમાંથી માત્ર પ્રાર્થનાનાં પદ મંગળાચરણમાં સાત ને પછી એકસો એક મેળવી એકસો આઠ રત્નની માળા હાલ પ્રકટ કરૂંછું. સધવા વિધવા જુવાન ઘરડાં સહુ આ રત્ન કંઠે ધારણ કરી શકે એવાં છે. પથરાનાં રત્ન કરતાં આ રત્નો કંઠને વધારે સોભાવશે. તે એકસો આઠ છે એટલે જેમ ઘણાં ઘરેણાંમાંથી જે દિવસ જેનું મન થાય તે પહેરીએ તેમ નિત્ય જુદાં જુદાં કંઠે ધારણ કરાશે, ને વળી તે શોભા સાથે અમોઘ ફળનાં આપનારાં છે. માટે અમારી એજ વિનતી છે કે કંજુસના ધનનીપેઠે પુસ્તક નાંખી ન મૂકશો પણ તેનાં રત્નોને નિત્ય વાપરશો એથી લાભ તમનેજ છે.

આવી બીજી માળાઓ પણ કાઢવાનો મારો વિચાર છે. તે પ્રભુ પાર પાડશે.

પાટણ નાગરવાડો.

સંવત ૧૯૪૯ ના પ્રથમ અષાડ સુદ ૫

અનંતપ્રસાદ.

સાંકળીયું.

૫૩૩૯

શ્રીમતેરામાનુજાયનમઃ

શ્રી પ્રાર્થના રત્નમાળા.

મંગળાચરણ. ૧

લલિત છંદ.

સુત શ્રીરંગના આ લીલા વિશે, પ્રિય શ્રીરંગના દિવ્ય જે દીસે,
પુર શ્રીરંગના વાસી ખાસ જે, પ્રણમું નિત્ય એ શ્રીનિવાસને. ૧
નમું સીતાપતી શ્રીઅનંતને, નમું યતિપતી શ્રીઅનંતને;
નમું દયાનિધી શ્રીઅનંતને, શરણ રાખજો હું અનંતને. ૨

પદ ૨.

"તારેરે દયાળ ગને" એ રાગનું.

જય યતિવર સુખકર દુઃખહારીરે, લક્ષ્મણ આર્ય શેષ અવતારીરે;
જય યતિવર સુખકર દુઃખહારીરે. ટેક.
શ્રીભાષ્યકાર પ્રધાન પ્રભુના, શરણ જનોના સ્વામીરે;
ત્રાતા, ત્રાતા, સાચા ત્રાતા, અનુ નમીએ જય ત્રિદંડધારીરે. જય. ૧

પદ ૩.

રાગ ઉપર પ્રમાણે.

જય જગ માતા જય જય જગમાતારે, શ્રીદેવી સહુને સુખ દાતારે;
જય જગમાતા જય જય જગમાતારે. ટેક.
સર્વેશ્વરની પ્રિય પટરાણી, સહુ દેવીની દેવીરે;
સંકટ ઝટ હરતી શરણોનાં, અનુ નમીએ મા પ્રિયકર ત્રાતારે જય. ૨

પદ ૪

ઉપર પ્રમાણેના રાગનું.

જયજગ સ્વામી જય જય જગસ્વામીરે, શ્રીનારાયણ નાથ નમામીરે;
જયજગ સ્વામી જય જય જગ સ્વામીરે. ટેક
ક્ષીર સાગર વાશી સુખ રાશી, સ્વયં પ્રકાશી ઇશરે;
ધન્ય ચતુર્ભૂજ કીરીટ ધારી, અનુ નમીએ પદમાં શીરનામીરે, જય ૩

પદ ૫

ઉપરના રાગનું.

મંગલહો પીતુમાત અમારાંરે, પ્રાણ થકી પણ અધિકછો પ્યારાંરે;
મંગલહો પીતુ માત અમારાંરે. ટેક
લક્ષ્મી નારાયણ પ્રીય જોડી, ચિત્તમાં રાખીએ ચોઢીરે;
અનંતચરણ શરણમાં આવ્યાં, હવે નરાખશો ક્ષણપણ ન્યારાંરે મં૦૧

પદ ૬

" કંગનવા મેરા કરસે " એ રાગનું.

ઘણી ખંમા ખંમા અવધ બીહારી શ્રીપતી.
મહારાજા રાજા રઘુવર સગુણ નીધી. ટેક
જય જય જય જય હો નિત્ય મંગલ વરતો,
દેવાધિ દેવ મહારાજા કરૂણા નીધિ ગરીબ નિવાજા,
અનુ તન ધન વારી બલીહારી તમપરથી. ઘણી ખંમા૦ ૧

પદ ૭

ઉપરના રાગનું.

લક્ષ્મીનારાયણ, મંગલહો શ્રી હરી,

જય દેવ દયાઘન, પ્રણમીએ પ્રેમ ધરી. ટેક
પ્રિય પ્રભુ ચતુરભુજા, કાંન્તિ નિધિ સુખદા,
સંગ શોભે શ્રીદેવી, જોડી આ જોવા જેવી,
ભૂષણ તન ધારી શોભા મહાન ભરી. જ• ૧
માત પિતા જયહો, વૈભવ નિત્ય વધો;
પ્રત્યક્ષ થાઓ પ્રિય દેવા, લ્યો વિવિધ વિધીની સેવા;
અનુએ ચહીએ કે રહીએ ચરણમાં ઠરી. જ૦ ૨

પદ ૧ ગરબી.

“ ઓરે આવને સલુણા પ્રભુ સાંભળાજો ” એ રાગ.

નમું લક્ષ્મી નારાયણ આપનેજો,
નમું સાંચાં વ્હાલાં માબાપનેજો નમુ. ટેક.
કર જોડીને પરોવી ચિત્ત ચરણમાંજો,
અમે આવીને પડયાં તવ શરણમાંજો. નમું. ૧
વારંવાર ચરણ કમળમાં પ્રણામ છે જો,
હાથ જોડવામાં મારૂંતો તમામ છે જો નમું. ૨
શીશ નમાવવામાંજ બધું માનજોજો,
દુઃખી દેખીને દયા દીલે આણજોજો. નમું. ૩
અન્ય અમથી કશુંએ બનવું નથી જો,
થશે તે તમથી થશે હે કૃપાનિધી જો. નમું. ૪
મન વાણીને હાથ એકઠા કરીજો,
અનુ નમી એજ અમેતો ફરી ફરીજો. નમું. ૫

પદ ૨ ગરબી.

રાગ ઉપર પ્રમાણે.

શ્રીમન્નારાયણ પ્રભુને ઘણી ખમાજો,
રહો વ્હાલાં શ્રીમાત સદા સંગમાંજો. શ્રીમન.
તમે પ્રકટ થયાં અમારેજ કારણેજો,
તેમ આવ્યાં અમે પણ તવ બારણેજો. શ્રીમન. ૧
નિત્ય દયા કરી દરશન આપજોજો,
હવે તમારાંજ થીર કરી થાપજોજો. શ્રી. ૨
તમારૂંજ સ્મરણ બન્યું રહો ચિત્તમાંજો,
સદા રાખો તદલીન તવ પ્રીતમાંજો. શ્રી. ૩
સેવા કરાવો તમારી ભાત ભાતનીજો,
હવે લલુતા નવ રહે બીજી વાતનીજો. શ્રી. ૪
બાંહે ઝાલી રાખીને નિભાવજોજો,
અનુપતી અંતે તેડવાને આવજોજો. શ્રી. ૫

પદ ૩ ગરબી.

રાગ ઉપર પ્રમાણે.

પ્રભુ આપ વિના કોઈ અમારૂ નથીજો,
માત તાત ભ્રાત આપછો ખરા પતીજો. પ્રભુ.
જનો આવ્યાં છે જુદાં ને જુદાં જશેજો,
ખરો સંગી તું વિના કોઇ નહીં થશેજો. પ્રભુ. ૧
જીવો માત્ર દુઃખી સાધુ શું કરી શકેજો,
હરી સાહ્ય માત્ર આપની ખરી ટકેજો. પ્રભુ. ૨
જીવોના પ્રયત્ન ખાલી ઉતપાત છે જો,

ખરી દોરીતો સદા તારે હાથ છે જો. પ્રભુ. ૩
સુખે સંગીતો સરવ કોઇ થાય છે જો,
ખરેખરાં દુઃખે સરવ ખશી જાય છે જો. પ્રભુ. ૪
ખરી અડચણમાં સરવે નકામ છે જો,
અનુપતી માત્ર આપનીજ હામ છે જો. પ્રભુ. ૫

પદ ૪ ગરબી.
રાગ ઉપર પ્રમાણે.

કૃતિ સ્હાંમું કદી ન જુઓ શ્રી હરીજો,
ક્ષમા આપો માગું છઉં કરગરીજો. કૃતિ.
પડી ટેવો અમારાથી ટળતી નથી જો,
ભરી વાસનાઓ કેમે બળતી નથી જો. કૃતિ. ૧
માત્ર કરગરની સ્હાંમુ સદા જોઇને જો,
કરો અમને પવિત્ર પાપ ધોઇને જો. કૃતિ. ૨
મતી સારી એ આપજ રખાવજો જો,
કુડું કરતાં આપજ અટકાવજો જો. કૃતિ. ૩
બધી અમારી તો અવળી કમાઈ છે જો,
પ્રભુ તારોતો તમારી વડાઇ છે જો. કૃતિ. ૪
ઘણો અમને તો કર્મ તણો ત્રાસ છે જો,
અનુપતી માત્ર આપનીજ આશ છે જો. કૃતિ. ૫

પદ ૫ ગરબી.
રાગ ઉપર પ્રમાણે.

પ્રભુ બ્હાંનાની લાજ નિભાવજો જો,
કૃપાના નિધાંન કૃપા વરસાવજો જો. પ્રભુ.

દીનાનાથ કહેવાયો દીન કારણેજો,
અમે ખરાં દીન આવ્યાં તવ બારણેજો. પ્રભુ. ૧
દુઃખી જોઇને દયાળુ દયા દાખવેજો,
અમે ખરાં દુઃખી બળીયે છીયે દવે જો. પ્રભુ. ૨
અનાથના એ તમેજ નાથ છો હરી જો,
નાથ માની એજ અમે તો ફરી ફરી જો પ્રભુ. ૩
તમે પાવન કરોજછો પતીતને જો,
આશ એ થકીજ બની રહે ચિત્તને જો. પ્રભુ. ૪
શ્રેયકારી શ્રેય સઘ અમારૂં કરોજો,
અનુપતી માત્ર આપનો છે આશરો જો. પ્રભુ. ૫

પદ ૬ ગરબી
રાગ ઉપર પ્રમાણે.

પ્રભુ સેવાનાં સુખો સદા આપજોજો,
પાપ બાપલા સમસ્ત આપ કાપજો જો. પ્રભુ.
કર્યાં કર્મો તો જગત બધું ભોગવેજો,
થયાં શરણે અમેતો તમારે હવે જો. પ્રભુ. ૧
ખરા પ્રારબ્ધોતો સહુને નડે જો,
અમારૂં તો જીવનજ છે તમ વડે જો. પ્રભુ. ૨
પાપ થકી બધાં દુઃખો ઊભાં થાય છે જો,
તારી કરૂણાથી એજ પાપ જાય છે જો. પ્રભુ. ૩
થાય શુભ કરમો તુંજદા કૃપા કરેજો,
નથી અમથી તો કશું બનવું ખરે જો. પ્રભુ. ૪
બધું આપજ કરાવી લ્યો કૃપાધનાજો,
અનુ અમે તો પરાંણે થયાં આપનાંજો. પ્રભુ. ૫

પદ ૭ ગરબી

" અલબેલીરે અંબેમાત " એ રાગની.

બલીહારી શ્રી જગના તાત, વારી તારી કરૂણાને
દુખહારીરે સુખદ અગાધ, વારી તારી કરૂણાને, ટેક.
કરૂણાથીજ સરવનો સુધ લઇ, અહી તમે ચલાવોરે
કીડીને કણ હાથીને મણ નિત્યે આપ અપાવોરે વારી૦ ૧
કરૂણાથીજ રતુઓ સઘળી ફરીફરીને આવેરે,
સુરજ ધાન પકાવે તાપે–ઇંદ્રમેઘ વરસાવે, વારી૦ ૨
કરૂણાથીજ ડુબેલ રવીને નિત્ય આપ ઉગાડોરે,
કરૂણાથીજ સુતેલી અહી નિત્યે ફરી જગાડો. વારી૦ ૩
કરૂણાથીજ અંન ખાધેલું જઠરા વડે પચાવોરે,
કરૂણાથીજ કરીને પોશણ શરીર તમે નીભાવોરે. વારી૦ ૪
વાયુ હે તારી કરૂણાથી તોજ શ્વાસ લેવાયરે,
જો તું અંજનાળુંજ ન કરતો જનથી કશું ન થાય. વારી૦ ૫
હલન ચલન પણ તુજ કરૂણા વિણ, પ્રાણીથી નવ થાયરે,
અનંત તારી કૃપા પ્રતિક્ષણ, સમજુને સમજાય. વારી૦ ૬

પદ ૮ ગરબી.

રાગ ઉપર પ્રમાણે.

બલીહારીરે સાચા બાપ, અસંખ્ય ઉપકારી,
તારોજ તમામ પ્રતાપ, અસંખ્ય ઉપકારી. ટેક.
જન્મ થતાં પહેલાં માને સ્તન દુધ તમે પ્રકટાવ્યુંરે,
પેટમાંજ પેદાકરી આપે આવું શરીર અપાવ્યું. અસંખ્ય ૧
ઇન્દ્રી આયત્ન પુરાં દીધા કૃપા નથી એ નાંનીરે,

હજી તમે પાછું લઇ સકતા કેમ મારૂં લઉં માની. અ૦ ૨
રોજ રોજ ખાવાને જોઇએ તે પણ તમે અપાવોરે,
અવશ્યની એકે વસ્તુમાં ખામી કદી ન રખાવો. અ૦ ૩
અનેક રોગ જીવ જંતુથી અમને નિત્ય બચાવો રે
નિશ દીન દોષ અમે કરીએ પણ તમે રોશ નવ લાવો. અ૦ ૪
ભવતરવા નૌકા તન આપ્યું સદા સહાયી રહોછોરે,
ઉલટા ચાલી અનુ અથડીયે વાંક તમારો તો શો. અ૦ ૫

પદ ૯ ગરબી.

રાગ ઉપર પ્રમાણે.

બલીહારીરે શ્રી ભગવાન જય જય જગતપતિ,
હે નારાયણ શ્રીમાંન જય જય જગતપતિ. ટેક
સદા સુખી સંપૂર્ણ આપને નહોતી કંઇપણ ખામીરે,
જીવોને દુઃખથીજ છુટવા શ્રષ્ટી કીધી સ્વામી. જય જય૦ ૧
બ્રહ્માનંદ અનુભવ કરતા વૈકુંઠમાં વસોછોરે,
તોપણ નર્ક તુલ્ય આ જગમાં જનહીત ચહી પ્રકટોછો. જય૦ ૨
મનના વિચારથી પણ પળમાં સઘળું કરી સકોછોરે,
પણ નિજજનપર પ્રીત જણવવા જાતે બધું કરોછો. જય૦ ૩
છો પરિપૂર્ણ તમારૂં સહુ છે તોપણ જન દુઃખ હરવારે,
મૂર્તીમાં રહી સેવા લેવા રાખો ઊલટી પરવા. જય જય૦ ૪
કૃપા કરો કેવળ અમ સારૂ કશી ગરજ ન તમારેરે,
અનંતપતીની અપાર કરૂણા શ્રુતિ વરણતાં હારે. જય જય ૫

પદ ૧૦ ગરબી

રાગ ઉપર પ્રમાણે

રાખું તવ દ્રઢ વિશ્વાશ, એવી દ્યો દ્રઢતા,
નવ કદીએ પડે કચાશ, એવી દ્યો દ્રઢતા. ટેક.
જગત બધું ઉલટીને આવે તોએ ડરૂં નહીં તેથીરે,
તું રક્ષક શીરપર બેઠોછે એમ ગણું હે તેથી. એવી૦ ૧
વાળે વાળે થાય વેદના તોએ કર્મ ફળ જાણીરે,
વેઠું એ તુજને નવ શેકી ક્ષણીક સરવ પ્રમાણી. એવી૦ ૨
બધું જાયને થાઊં ભીખારી રહે ન એકે આશરે,
તોપણ તુંછે અખુટ ખજાનો એમ ધરૂં વિશ્વાશ. એવી૦ ૩
ઇંદ્રાસન માટે પણ ન કરૂં કદી અલ્પ અપરાધરે,
સેવવિના સ્વર્ગે ન રહું ક્ષણ ભકિત રહે અગાધ એવી૦ ૪
ભયકે લાલચ ધરૂં ન બીજે ધારૂ તે તુજ માત્રરે,
અનંત રહે અવીચળ તારો પૂરણ પ્રીતી પાત્ર. એવી૦ ૫

પદ ૧૧ ગરબી.

રાગ ઉપર પ્રમાણે.

દીન દીન ઉર વધિ પ્રીત એવી દયો ભકિત,
એમાંજ રહે મુજ ચિત એવી દયો ભકિત. ટેક.
તારૂં પ્યારૂં નામજ લેતાં ઉરે ઉગળકારે આવેરે,
ખાન પાન કે ભોગ જગતના તવ કિર્તન વીસરાવે. એવી૦ ૧
મુર્તીને મુજ જીવન જાણું આંણું સાચો પ્રેમરે,
ફરે અહરનીશ આંખો આગળ ક્ષણે વીસરે તેમ. એવી૦ ૨
ધ્યાન વિશે દેખાય દીવ્ય તન મનમાં હર્ષ ન માયરે,

રોમ રોમ આનંદ વહે સ્વપ્ને પણ એ સુખ થાય. એવી૦ ૩
જગનાં સુખ દુઃખકારક લાગે સેવા સુખની પાસેરે,
દીનદીન વધે જાય એ વિધવિધ. વિધવિધ અનુભવ ભાસે એ૦ ૪
આંહીં રહેવું રહેવું વૈકુંઠે ફેર કશો ન જણાયરે,
મરવાથી બે પરવા અંતુ તમારોજ થઈ જાય. એવી૦ ૫

પદ ૧૨ ગરબી.

આલો ડાકોરમાં જઈ વસીએ એ રાગી.

પ્રભુ રહું માત્ર તુજ આશે, વય કાઢું તારે વિશ્વાસેરે, પ્રભુ૦ ટેક
જગને લીધું મેં જાણી, ખાલી વલોવવું પાણી;
ભકિતમાં સહુ સુખ ભાસેરે, પ્રભુ રહું માત્ર તુજ આશે. ૧
જે કરીશ તેજ શુભ મ્હારે, મારે ચાહે ઉગારે;
કદી અશુભ ન તુજથી થાશેરે. પ્ર૦ ૨
જગ સુખ દુઃખ દાતા તુંછે, તેનું શરણું પકડયું છે;
તુજથી ભવ ભાવટ જાશેરે પ્ર૦ ૩
અનુના સહુ દોષ નિવારો, ઉર દીન દીન પ્રેમ વધારો;
અંતે બોલાવજો પાસેરે. પ્ર૦ ૪

પદ ૧૩

રાગ ઉપર પ્રમાણે

નથી હું તો સમજતો કાંઈ, પ્રભુ નમુ માત્ર પદ માંહીરે; નથી૦ ટેક
નથી શાસ્ત્ર ભણ્યો કંઈ જાતે, નથી માહીત કોઈ પણ વાતે;
નર પશુજ પ્રકટયો આંહીરે. નથી૦ ૧
નવ સ્વધર્મ પણ હું જાણું, આચારનું એ ન ઠેકાણું;

શી વાત ભક્તિની ત્યાંહીરે. નથી૦ ૨
તન ધનથી ન બને સેવા, મન મુખે ન સમરૂં દેવા;
પછી રહ્યું ધ્યાન તો કયાંહીરે. નથી૦ ૩
કુંખુંછું જગમાં દેવા, આવ્યોછું અનુ એ કહેવા;
કરો કૃપા અહો ઝટ બાંહીરે. નથી૦ ૪

પદ ૧૪

રાગ ઉપર પ્રમાણે.

પ્રભુ સઘળું આપ કરાવો, દીલ દયા દયા ધવ લાવોરે. પ્રભુ૦ ટેક
નિશદીન સતસંગ બણાવો, નિજ મહીમા પૂર્ણ જણાવો;
શ્રદ્ધા ઉરમાં ઉપજાવોરે. પ્રભુ૦ ૧
પ્રીતિ સાચી પ્રકટાવો, ભક્તિ બહુ ભાત કરાવો;
વૃત્તી પદમાંહે ઠરાવોરે. પ્રભુ૦ ૨
જગ મોહ બધો વિસરાવો, વૈરાગ્ય ખરો ઉપજાવો;
નિજ નામ સદા સમરાવોરે. પ્રભુ૦ ૩
તન મન ધન શુદ્ધ કરાવો, સેવામાં જીવન ગળાવો;
અનુ અંતે તેડવા આવોરે. પ્રભુ૦ ૪

પદ ૧૫ ગરબી

મોરલી વાગી મોરલી વાગી એ રાગની

નાથ અમારા નાથ અમારા, નાથ અમારા, નારાયણ નાથ અમારા
પ્રભૂજીછો પ્રાણથી પ્યારારે. નારાયણ૦
અશરણ શરણ અનન્ય શરણ પ્રભુ, આપદા શરણજનોની હરનારા.
નારાયણ૦ ૧

કલ્યાણ ગુણ ગણે કહ્યા મહાર્ણવ, સાચા આધાર છો તમે જગદાધારા.
નારાયણ૦ ૨
સકળસુખોનો તમે અખુટ ખજાના વ્હાલા,સરવસ આપજછોદશરથદુલારા
નારાયણ૦ ૩
અનંતબ્રહ્માંડોતણા આપછોઇશ્વરદેવારે,આજશીવદેવોસરવે દાસ તમારા.
નારાયણ૦ ૪
શરણાગત વત્સલ સુખદાયક દેવા, અનંતના સ્વામી તમે સહુથી સારા.
નારાયણ૦ ૫

પદ ૧૬

રાગ ઉપર પ્રમાણે.

દાસ તમારાં, દાસ તમારાં, દાસ તમારાં, સદા અમે દાસ તમારાં;
ચરણમાંહે વસનારાંરે, સદા અમે દાસ તમારાં.
ફિકર અમારી બધી સોંપીછે તમને દેવા,રાખશો તેમ હવે રહેશું રહેતાં.
સદા૦ ૧
તનમન ધન બધું અરપ્યું ચરણે દેવા, સ્વીકારી કરો તમે સરવે સારાં.
સદા૦ ૨
પરતંત્રપણુ અમે પ્રેમથી કબુલ્યુંદેવા,સેવાતણાં કારજગણ્યાં સૌથીપ્યારાં.
સદા૦ ૩
ચરણાંબુજતણાં હવે વળગી રહીશું વ્હાલા,મહાદુખમાંએ નહીંથઇએન્યારાં.
સદા૦ ૪
ચરણકમળએજ અનંતનુંસર્વસ્વવ્હાલા,ભવોભવએછે જીવનપ્રાણઅમારાં.
સદા૦ ૫

પદ ૧૭

મોહન માગ્યો દે એ રાગની ગરબી.

દેખાડો શ્રીરંગ ગુરૂજી દેખાડો શ્રીરંગ. ટેક

ભૂમી વૈકુંઠ ધામ શ્રીરંગનું, કાવેરીને ઉછંગ. ગુરૂ દેખાડો શ્રીરંગ ૧
સાતમો શ્રેષ્ઠ કિલ્લામાં શોભતા દીવ્ય વિમાને નિશંક ગુરૂ. દે. ૨
ઘનસ્યામ સુખધામ કૃપાધન શેષતણે પર્યંક. ગુરૂજી દેખા. ૩
દીવ્ય ચતુરભુજ સ્વરૂપ અનુપમ શ્રી ભૂદેવી સંગ. ગુ દે. ૪
આશાપૂરો શ્રી નિવાસ સ્વામી માગે અનંત રંક. ગુ. દે. ૫

પદ ૧૮.

એજ રાગની ગરબી

ભેટાડો વેંકટેશ ગુરૂજી ભેટાડો વેંકટેશ.
શ્રીમત શેષાચલ ગીરીવરપર જેનો છે દીવ્ય દેશ. ગુરુજી ભેટાડો ૧
સ્વામી પુષ્કરણી સર તીરે શાંત થાય સહુ કલેશ. ગુરૂજી. ૨
કનક કળશ મય કનક મંદીરે, ઉભા શ્રી પરમેશ. ગુરૂજી. ૩
શ્રી ભૂદેવી જમણાં ડાબાં શોભે સુંદર વેશ. ગુરૂજી. ૪
ત્યાં અનંત શિશુને તેડાવી રાખો શ્રી હૃષીકેશ. ગુરૂજી. ૫

પદ ૧૯ ગરબી.

એજ રાગની.

દયા લાવ્ય દીલ માત અમારી દયા લાવ્ય શ્રીમાત. ટેક.
તારાં બાળ દુખી અજ્ઞાની દુખ ખમીએ દીન રાત. અમા દ. ૧
અંધારે ભવમાંહી ભટકીએ, ભય ભાસે બહુ ભાત. અમા. દ. ૨
કામ ક્રોધ લાલચ મદ કનડે, સ્વારથીયો સહુ સાથ. અ. દ. ૩
થરથરીએ ડરીએ કરગરીએ દેખી વિવિધ ઉત્પાત. અ. દ. ૪
આખા ભવમાં અતુની સ્હાયક કેવળ તારી જાત. અ દ. ૫

પદ ૨૦ ગરબી.

એજ રાગની.

કરજે શીફારસ માત પ્રભુ પાસે કરજે શીફારસ માત. ટેક.

આશ ધરી તારાં ચરણોમાં, આવ્યાં શરણ સહુ સાથ. પ્રભુ પા. ૧
કોપ કદીજ નથી કરતો તું, કરૂણા નિધી અગાધ. પ્રભુ પા ૨
શા મુખથી જઇએ પ્રભુ સ્હામા, કર્યા મહા અપરાધ પ્રભુ પા ૩
બાળ અમે માતાને વળગ્યાં, મુકી અન્ય પંચાત. પ્રભુ પા. ૪
માફ કરાવ્ય સહુ અપરાધો અનુને કર રળીયાત. પ્રભુ પા. ૫

પદ ૨૧ ગરબી.

એજ રાગની.

ઝાલો હરી મ્હારો હાથ હવે ઝટ ઝાલો હરી મ્હારો હાથ. ટેક.
મનને વધતો મોહ કરાવે એવો મળ્યો છે સાથ. હવે૦ ૧
મારાં મન ઇન્દ્રીપણ દુઃખદે, ત્યાં શી બીજાની વાત. હવે૦ ૨
મૂઢ બાળની સુધલ્યો સત્વર, કરૂણા સિંધુ તાત. હવે૦ ૩
દિનદિન પાપો વધ્યાં જાયછે, એજ વિષમછે વાત. હવે૦ ૪
કરગર સુણી દાઝ દીલ આણી, ત્રુઠો કરૂણાનાથ. હવે૦ ૫

પદ ૨૨

ચલો સખી મીલ દેખનકો એ રાગ.

લક્ષ્મીનારાયણ બલીહારી દુખહારી મંગલકારીરે. ટેક.
હેપીતુ માતા રક્ષક ત્રાતા ઓથ આપની છે ભારીરે. લ૦ ૧
મુર્તી ઉભય સકલ વિધી સુખમય, લાગેછે પ્યારી પ્યારીરે. લ૦ ૨
ઉરે ઉઠે આનંદ ઉભરા, નિરખ્યાથી ધારી ધારીરે લ૦ ૩
કૃપા આપની કુટીલ ઉપર પણ, થયાં જાય ન્યારી ન્યારીરે. લ૦ ૪
આપ કરાવી લ્યો અનંતથી, શુચી સેવા સારી સારીરે. લ૦ ૫

પદ ૨૩

રાગ ઉપર પ્રમાણે.

બલીહારી શ્રી વેંકટ બાલા સ્વીકારજો કાલાવાલારે ટેક.

ગાંડા ઘેલા પ્રયત્ન મ્હારા, જવા નહીં દેશો ઠાલારે બ૦ ૧
થયાં જેને દીન દીને દયાલા, દાસ તણા દીલમાં વ્હાલારે. બ૦ ૨
થાઓ આપ અમ તૃષાતુરોને, પવિત્ર પ્રેમ તણા પ્યાલારે. બ૦ ૩
વ્રજવાસી અમને સમજીને, આપ બનો શ્રીગોપાલારે. બ૦ ૪
અનુ પ્રણતને પ્રેમે પાળો, પ્રણતતણા હે પ્રતિપાલારે. બ૦ ૫

પદ ૨૪

રાગ ઉપર પ્રમાણે.

શ્રી નિવાસ વિશ્વાસ તમારો રાખીને હું વળ ગાળુ રે. ટેક.
રાખો આપ સદા અંતરમાં, અંતરજામી અજવાળું રે શ્રી૦ ૧
મતિ સુધારો આપ જે થકી, શરણુ ધર્મ પુરણ પાળુંરે શ્રી૦ ૨
ચાહું પ્રીત જગતમાંથી ખેંચી, સરવ પદાંબુજમાં વાળુંરે. શ્રી૦ ૩
મન મુજ વશમાં રાખો માધવ, કુમારગે જાતાં ખાળુંરે. શ્રી૦ ૪
કરો અનુને એવો જેથી, અંતે તમનેજ નિહાળુંરે. શ્રી૦ ૫

પદ ૨૫

રાગ ઉપર પ્રમાણે.

વેંકટવર મનમોહક મારા, ક્ષણે ન થાઓ હૃદયથી ન્યારા. વેં૦ ટેક
કરૂણાધન વરસાવ્યાં કરતુ, મુજપર કરૂણા અમૃત ધારા. વેં૦ ૧
ત્રિતાપ ઘામ તપાવે છે તન, જવ ક્ષણપણ રહ્યું વિણુત્હારા.વેં૦ ૨
અકથઉરે આનંદ ઉભરે, સુખદ સ્મરણને સુધ્યાન દ્વારા. વેં૦ ૩
તવ પ્રીતિમાં સજ્જડ બાંધો, કરીને કામણ કામણગારા, વેં૦ ૪
જીવતણું થાઓ શુભ જીવન, આપો અનુભવ અનંત પ્યારા. વેં૦ ૫

પદ ૨૬.

રાગ એજ

કરૂણા ઘન કરૂણા વરસાવો દયા સમુદ્ર દયા ઉર લાવો. કરૂણા.ટેક.

પતીત પાવન હું પતીતછું, પ્રણુત પતી પ્રણુતને નીભાવો. ક૦ ૧
અર્થી કલ્પક અર્થ પુરોમમ, દાનાપર દરીદ્રીનો દાવો. ક૦ ૨
દીનાનાથ દીન દુખીયો છઉં આપત સખા વિપતમાં આવો. ક૦ ૩
હે શરણ્ય શરણાગત છઉ હું, વર્યો વરેણ્ય સુપ્રેમ બતાવો ક૦ ૪
સુખદાતા સહુ સુખદયો અનુને ક્ષમા સિંધુમાં દોષ સમાવો. ક૦ ૫

પદ ૨૭.

રાગ એજ

શાન્તિ પ્રેમ સીતાવર આપો, પાપો કુમતી સગળ કાપો ટેક.
દયા કરો નિજ દુઃખી બાળપર, સંહારો ત્રિવિધિ સંતાપો. શા૦ ૧
શુભ ભક્તિ ભગવાન તમારી, ઉરમાં અવિચળ અખૂટ થાપો શા૦ ૨
સેવજ કરૂં ધરૂં તુજ ધ્યાનજ, મુખથી જપ્યાં કરૂં તુજ જાપો. શા૦ ૩
કષ્ટ કલેશ તનમાંજ ન પ્રકટે, રગરગ શાન્તિ સદૈવ વ્યાપો. શા૦ ૪
કરો તમારો સાચો સેવક, છાપ અનુના મનપર છાપો. શા૦ ૫

પદ ૨૮

રાગ આશાગોડી

વેંકટ શૈલવિહારી પ્યારા મારા વેંકટ શૈલ વિહારી. ટેક.
સુખકર ગુણગણુ કેરા સાગર, મૂર્તી મંગલકારી. પ્યા૦ ૧
કરૂણા ધન શ્રીમન જગજીવંન, વરસાવો દયા વારી. પ્યા૦ ૨
પ્રણુત તણા પ્રતીપાલક પ્રેમી, પરમ બ્રહ્મ વપુ ધારી. પ્યા૦ ૩
વેંકટ રમણા સંકટ હરણા, સુખ કરણા શ્રી મુરારી. પ્યા૦ ૪
શ્રીનિવાસ અનુદાસ તમારો, નમન કરૂં અસુરારી. પ્યા૦ ૫

પદ ૨૯

રાગ ઉપર પ્રમાણે

શ્રીનિવાસ મમ સ્વામી કૃપાનિધી શ્રીનિવાસ મમ સ્વામી ટેક.

અર્થી કલ્પ તરૂ સહુ યુગમાં પ્રસિદ્ધ પુરણ કામી. કૃપા૦ ૧
શ્રીમન્નારાયણ સંપૂરણ લેશ ન દુષણ ખામી. કૃપા૦ ૨
સુરી મુનીસુર અજ શીવઆદી, પદમાં રહ્યા વિરામી. કૃપા૦ ૩
તમને તજી બીજાંને ભજવું, એ છે લુણ હરામી. કૃપા૦ ૪
અનંત અનંત ગુણત્રણ પદમા વારંવાર નમામી. કૃ૦ ૫

પદ ૩૦

રાગ ઉપર પ્રમાણે

વેંકટનાથ સગાઈ સાચી તારી, વેંકટનાથ સગાઈ. ટેક.
સગાં સંબંધી સંગત દુખદાઇ સમજાઇ. સા૦ ૧
જગનાં જનની પ્રીત સ્વારથી, અનુભવ સિદ્ધ જણાઇ સા૦ ૨
સંકટ વખતે કામ ન આવી, મીત્રોની મીત્રાઈ. સા૦ ૩
ધન વગ વિદ્યા બ્હાર કરે નહીં, ખરે વખત ખેવાઇ. સા૦ ૪
અનુ વિપતીમાં માત્ર તમે હરી, સદા બાંહે મુજ સાહી. સા૦ ૫

પદ ૩૧

રાગ એજ.

વેંકટવર સુખકારી દીઠા સદા વેંકટવર સુખકારી. ટેક.
ખાન પાન ભૂષણ ધર દીધાં, પળપળ પીડ નીવારી. દીઠા૦ ૧
શ્રદ્ધા પ્રીતી ઉર ઉપજાવી, સેવા કરાવી પ્યારી. દીઠા૦ ૨
આ ભવ ને પર ભવની ચિંતા, રાખો આપ અમારી. દીઠા૦ ૩
કૃપાજ કરતા કદી ન કોપો, દોષ અસંખ્ય વિસારી. દીઠા૦ ૪
અનંત નિશ દીન કરૂણા દેખી, ખરે જાઉં બલીહારી. દીઠા૦ ૫

પદ ૩૨

વિધાતા ધન્ય છે તારી રચના એ રાગનું.

તારા દીન દાસની નાથ નિશ દિન રાખ્ય સંભાળ. ટેક.

તું સર્વજ્ઞ પીતા પરમેશ્વર, અમેછૈએ અલ્પમતી બધાં બાળ; તા૦ ૧
પોતાનાં જાણી પુરૂષોતમ, પ્રેમે પાળ પ્રાણુતતણા પ્રતીપાળ; તા૦ ૨
જાળવજે જગમાં જગદીશ્વર, ફસાવી ન નાખે માયાતણીજાળ; તા૦ ૩
પાપ કપાવ સુકર્મ કરાવી, પુઠે દોડે કેશવ! કાળ કરાળ; તા૦ ૪
ટાળ કુટેવો સમસ્ત કૃપા કરી. સેવામાં અનુની બધી વયગાળ; તા૦ ૫

પદ ૩૩

રાગ ઉપરનો

હરી તારા હાથમાં રાખ્ય મારા હૃદેની લગામ: ટેક.
કબજે કર કેશવ એવું કે, કદી એક ન કરી શકે કુડુંકામ; હરી૦ ૧
કુતર્ક નવ કરવાદે કેમે, પ્રેમે પ્રકટાવ શ્રદ્ધાપ્રીતી હામ; હરી૦ ૨
રાખ્ય વૈરાગ્ય સંસારી વિષયમાં, ધારે તારે સારૂજ તન ધન ધામ હ. ૩
ધરે ન ભય વિસરે નહીં નિશ્ચય, શાન્તિ રહે પૂરણ પૂરણકામ હ ૪
કરે ન અવર સેવવિણ શ્રીવર, અનુસ્મરે તનેજ આઠું જામ હ૦ ૫

પદ ૩૪

રાગ એજ.

હરી મારા હૃદયમાં બન્યો રાખ્ય મહા વિશ્વાસ ટેક.
કાળ કરાળ કુટીલ કલીયુગનો, કૃપાળ તું ટાળ સમુળો ત્રાસ. હરી ૧
કષ્ટ પડે તે ગણું કર્મ ફળ, તને નવ સેકું કરીને કંકાસ હરી૦ ૨
અનુષ્ઠાન માનત આખડીયો, કરૂં નહીં રાખી ઉરે કંઈ આશ હરી૦ ૩
ભય લાલચકે દુઃખમાં કદીએ, જાઉં નહીં કોઇ દેવી દેવ પાસ હરી૦ ૪
ક્રશ્ન કરે તે હોયજ હીત મુજ, પડે નહીં એ દ્રઢતામાં ક્યાશ હરી૦ ૫
નિર્ભય ને નિર્ભર રહું નીશદીન, એવું કરો અનંતપતિ સુખરાશ હરી૦ ૬

પદ ૩૫

રાગ એજ.

મારા મનનો બધો પ્રભુ આપ ઉપાડી લ્યો ભાર   ટેક.
તન ધનની નાવ ધરૂં કાળજી, બનું જગ વિષયમાં બેદરકાર   મા૦ ૧
ગઇ વાતો સમરી ન ખમું દુઃખ, ભવિષ્યના વૃથા ન થાય વિચાર   મા૦ ૨
દયા કરીને દેવ મટાડો, સમૂળો અહંકાર મમકાર   મા૦ ૩
નિર્મળ વૃતિ મતિ શુભ રાખો, ઉરે વસે માત્ર ચરણપર પ્યાર   મા૦ ૪
દેવ સેવની ટેવજ પાડો. ઉતારો તમેજ અનંત નેં પાર   મા૦ ૫

પદ ૩૬

રાગ એજ.

ફરી ફરીને પ્રભુ હું તો તારાજ મુખ ભણી જોઉં.   ટેક.
જગમાં કશું ન બેશી રહેતું, એમાં મન ઘાલીને તે હું શું મોહું.   ફરી૦ ૧
તારૂં ધાર્યું થાય આખરે, ખાલી માથાફોડમાં વય શીદ ખોઉં.   ફ૦ ૨
ભાન ભૂલી ભટક્યું ભવમાં, મુઝાઉં ત્યારે દુઃખ તુજ કને રોઉં.   ફ૦ ૩
રેડ કૃપાજળ તુંજ કૃપાધન, જેથી મારાં પાપો તમામ હું ધોઉં.   ફ૦ ૪
નિર્મળ પ્રેમ અનંત પતિદે, સદા ચિત ચરણ કમળમાંહે પ્રોઉં.   ફ૦ ૫

પદ ૩૭

રાગ "રાધાના વર શ્યામ અબોલા" એ રીતનો

શું જગનાં સુખ ચાહું એથી દુખીનો વધુ થાઉં   ટેક.
જેમ મળે તેમ જોઇએ વધારે, કેમે કરી ન ધરાઉં   એથીતો ૧
અણધાર્યાં છોડવાં પડે છેકજ એને તે કયમ કરી ચાહું   એથી૦ ૨
એક મળે કે ટળે બીજું તુરતજ, સુખી ક્ષણે ન જણાઉં   એથી૦ ૩
મેળવતાં દુઃખ જાળવતાં દુઃખ જાતાં ઘણો ગભરાઉં   એથી૦ ૪
માટે અનુ એનો મોહ જવાને તારૂં શરણું હરી સાહું.   એથી૦ ૫

પદ ૩૮

રાગ ઉપર પ્રમાણે

દીન જાણીને ઓધારો પ્રભુ હુતો દાસ તમારો. ટેક.
નાથ ભુલુ હું પળેપળે આપને, આપ મને ન વિસારો પ્રભુ. ૧
મહાપરાધી છઉં કામા ખોટો, આળસ દોષો નિવારો પ્રભુ. ૨
હું પતીત પ્રભુ પતિતના પાવન, રંક ડુબેલાને તારો પ્રભુ. ૩
માગું કૃપા આપછો કૃપાસાગર, મારી કૃતિ ના વિચારો પ્રભુ. ૪
હું છઉં અધમ પ્રભુ અધમ ઓધારણ, બીજો ન તરવાનો આરો પ્ર૦ ૫
બાંહે ઝાલીને નિભાવી લેજો હરી કરગરે અનંત બીચારો પ્રભુ૦ ૬

પદ ૩૯

રાગ ઉપર પ્રમાણે

દોષો ક્ષમા કરો દેવા, આપો સુખ શાન્તીની સેવા. ટેક.
ભક્તિ ન થાય ભમે ચિત્ત નિશદીન, એથી થાશે હાલ કેવા! આ.૧
અહીં તહીં એ માટે અથડાઉ, થીર ન મળે સ્થળ રહેવા આપો ૨
જબરા ઝપાટા જગતની માયાના, ક્યાં લગી કેશવ સહેવા આપો.૩
રસ્તે લગાડી અનુને સદા સ્થીર, છોડાવી દયો બીજા હેવા આપો ૪

પદ ૪૦

રાગ ઉપર પ્રમાણે

મોહ જગતનો મટાડો, પ્રભુ પદમાં થીર પાડો. ટેક.
ખાવા પીવા પહેરવા ઓઢવાના. દીન દીન રાગ ઘટાડો પ્ર૦ ૧
વેર ને વ્હાલ જનોમાંથી કાઢી, આપમાં પ્રીતિ લગાડો પ્ર૦ ૨
માન અને અપમાને ગણું નહીં, એવો વૈરાગ્ય જગાડો પ્ર૦ ૩
તૃષ્ણાઓ જગતની સરવ શમાવો લ્હાવો સેવાનો અખાડો પ્ર૦ ૪
માત્ર તમારા સ્મરણને સેવનમાં, અનુનો કહાવો દહાડો પ્ર૦ ૫

પદ ૪૧

રાગ ઉપર પ્રમાણે

ભક્તિ પુરેપુરી આપી, રાખો પદમાં સ્થિર સ્થાપી ટેક
ભજીએ ઘડી ભુલી જઇએ આખો દીન, એવી રીતછે અધાપી રાખો ૧
પાપો નડે છે જે ભક્તિ કર્યામાં, તેને નાંખો ઝટ કાપી રાખો ૨
મનમાંનો સમજ્યા સઘળુંએ નવ વરતાય તથાપી રાખો ૩
મુખથી માગ્યું આપો એવાછો, શ્રીવર પૂરણ પ્રતાપી રાખો ૪
અધવધરાં અનુપર્તી નવ રાખો. છાપ તમારી છે છાપી રાખો ૫

પદ ૪૨

રાગ ઉપર પ્રમાણે

પ્રીતી પુરી પ્રકટાવો. આપો આપનો પ્રિય લ્હાવો ટેક.
નાન બંધ કરી ધારૂં ઉરે કે તુરત ધ્યાનમાં આવો આપો૦ ૧
તનમન ધનથી ગત અને દીન, સેવા કર્યાંજ કરાવો; આપો૦ ૨
સ્મરણ થતાંજ આનંદ ઉભરા, અંતરમાં પ્રકટાવો; આપો૦ ૩
ફરી ત્રિતાપ ક્ષણે નવ પ્રગટે, એવી કૃપા વરસાવો; આપો૦ ૪
હે બાપ! અનુને બાળક જાણી, સાચાંજ લાડ લડાવા; આપો૦ ૫

પદ ૪૩

રાગ એજ.

તમવિણ દુઃખ નહીં જાશે, પ્રભુજી સદા રહો પાસે. ટેક
જ્હોકણ અમે ભડકતાં રહીએ, કઠણ કર્મને ત્રાસે; પ્રભુજી૦ ૧
માયાના મારે વિમુઢ બનેલાં, અમથી કશું નહીં થાશે; પ્રભુજી૦ ૨
બાપવિના બુડતાં બાળકોની, કોણ બાંહડી સ્હાશે; પ્રભુજી૦ ૩
અન્ય દેવ સાધન સહુ મુકયાં, કેવળ આપની આશે; પ્રભુજી૦ ૪
કરગર કરી અનુ અમે રહીએ, તાત તારે વિશ્વાસે; પ્રભુજી૦ ૫

પદ ૪૪

રાગ એજ.

અન્ય ઉપાય શું કરીએ અમે તો તને કરગરીએ ટેક
કોઈ બીજાથી આ દુ:ખડાં જવાં નથી, શાને જગેજગ ફરીએ;અ૦ ૧
તારૂં શરણ દ્રઢ ન ગ્રહ્યું તેથી, મરીએ ને અવતરીએ; અમેતો૦ ૨
કોટી પાપના કોઠાર ભર્યા તે, નિજબળથી કયાંથી હરીએ; અ૦ ૩
સમજ્યા છતાં નરહે કૃતિ સારી, એથી દિલે બહું ડરીએ; અ૦ ૪
પાડય અમારૂં ઠેકાણું અનુપની, જેથી ભજન ખુબ કરીએ: અ૦ ૫

પદ ૪૫

રાગ એજ

બીજે પ્રભુજી કયાં જઈએ, અમે તો તમારાંજ છઈએ. ટેક
સુખદુ:ખમાં અંતરની અરજી, તમવિના કોને કહીએ; અ૦ ૧
સહુ જગમાં પરતંત્રછે તમવિના, કોને ભરોસે રહીએ; અ૦ ૨
જીવન તમને અરપી ચુકયાં, કેમ બીજાનાં થઈએ; અ૦ ૩
સુખદુખના દેનારછો આપજ, જે આપો તે સહીએ; અ૦ ૪
અનંત પતિ તવ ચરણ સેવવિણ, બીજે ધ્યાન નહીં દઈએ;અ૦ ૫

પદ ૪૬

રાગ એજ.

દીનાનાથ કહાવો, કરૂણા દીનપર દરસાવો. ટેક
કોટી ધને તૃપ્તી નથી થાતી, સાચો સંતોષ અપાવો; ક૦ ૧
જગમાં જ્યાં જઈશું ત્યાં દુ:ખછે, સદા વૈરાગ્ય રખાવો; ક૦ ૨
જગજન દીઠાં સરવ સ્વારથી, પ્રેમ તમારો પ્રકટાવો; ક૦ ૩
સ્વાદ તમામ ક્ષણિક છે અહીંના, સ્વાદ તમારો અપાવો; ક૦ ૪
જુઠાં સુખ જગનાં સહુ દીઠાં, આપો સેવાનો લ્હાવો; ક૦ ૫

અનંત રાંક અમે કરગરીએ, જાણી તુજપર દાવો; ક૦ ૬

પદ ૪૭

મન કર્મ વાણીથકી પ્રભુને એ રાગ.

જય જગવંધ શ્રીકંથ મુરારીરે ટેક.

અસંખ્ય શ્રેય ગુણોના સિંધુ, આરતજન બંધુ અનુરારીરે; જય૦ ૧

દીવ્ય જ્ઞાનાનંદ અનંત રૂપછો, સકળ ભૂવનતણા ભૂપતિ ભારીરે;જ૦ ૨

તેજનિધિ નરરૂપ ચતુરભુજ, ગદાશંખને સુદર્શન ધારીરે; જય૦ ૩

સુખદ શેષ આસનપર રાજે, અંકે બીરાજે રમાસતીપ્યારીરે; જ૦ ૪

જગત પતિ સાક્ષાત અનુપતી, પ્રભુમું શ્રીવૈકુંઠ વીહારીરે; જ૦ ૫

પદ ૪૮

રાગ ઉપરનો.

શરણે તમારે આવ્યાં હે ખરા બેલીરે ટેક.

રાખી માત્ર તમારી ચાહત, આશા અવર અમે છેક સંકેલીરે;શ૦ ૧

તવ સેવનમાં સહુ સુખમાન્યું, જગનાં સુખ દીધાં સહુ ઠેલીરે;શ૦ ૨

ફરીફરી જન્મવું ન ચહીએ, આ દેહીજ થજો હવે છેલીરે; શ૦ ૩

અન્ય ઉપાય બહુ કઠણ લાગ્યા,ચરણ નીતરણી વૈકુંઠનીસહેલીરે;શ૦ ૪

અનુપતી આપજપાર ઉતારો, આપો અખુટ આનંદનીહેલીરે; શ૦ ૫

પદ ૪૯

રાગ એજ.

રહીએ તમારે ભરોંસે ભયહારીરે ટેક.

ફિકર અમારી સદા રાખજો, છોમૂળથીજ તમે ઉપકારીરે;રહીએ૦ ૧

ઉચિત કરાવી લેજો સઘળું, સ્વબળ થકી ક્યો તમે સુધારીરે; ર૦ ૨

પળપળ ભુલી જશું અમે તો, તદપિ તમે નદેશોહરીવીસારીરે; ર૦ ૩

મનને આપજ કબજે રાખો, કરી નશકે કદી કંઇ નઠારીરે; ર૦ ૪

અંત લગી નિભાવી અનુ અમને,તમેજ લ્યો ભવજળથી ઉગારીરે;૨.

પદ ૫૦

રાગ એજ.

પ્રભુ તમારી કૃપાથીજ તરાશે. ટેક.

કુસ્યાંછીએ જગમાંહી અમે તો, હરશો આપ તદાજ મોહજાશેરે;પ્ર૦ ૧
ગતી અમારીનો વશ નરહે, કરશો આપ તદાજ શુભ થાશેરે; પ્ર૦ ૨
ઘણાં કર્યાં છે કૂડાં કર્મો હણુશો આપ તદાજ એ હણાશેરે પ્ર૦ ૩
નિર્મળ ભકિત નથી ઉર ટકતી, ભરશો આપ તદાજ એ ભરાશેરે પ્ર૦ ૪
અનુ અકિંચન છીએ કુચાલી, આવ્યાં ચરણુ શરણ અમે આશેરે પ્ર૦ ૫

પદ ૫૧

રાગ કાફી

પ્રભુજી હું તે શું શું ગુણુ ગાઉં તારારે ટેક.

પળેપળે કૃપા તારી ન્યારીન્યારી ભારી ભારી, દેખાતી વિવિધ પ્રકારારે પ્ર૦ ૧
બગાડું હું મારૂં કાજ,તોએ આણે તું તો દાઝ,એવા હીતકારી મ્હારારે પ્ર૦ ૨
ભુલી તને ઘડી ઘડી, જાઉંછું કુપથે ચઢી, તોએ નથી થતા ન્યારારે પ્ર૦ ૩
માયા મોહથી છોડાવી,સુધને ઠેકાણે લાવી,થાઓ તમે પોતે પ્યારારે પ્ર૦ ૪
આપોપી કરાવો સેવા,ધન્ય અનુતણા દેવા, વરસાવો દયા ધારારે પ્ર૦ ૫

પદ ૫૨

રાગ કાફી

પ્રભુજી મારા અપરાધ ક્ષમા કરોરે ટેક.

અપરાધતો અગાધ, કર્યાં ગયો દહાડો રાત, હવે ભય થયો ખરોરે પ્ર૦ ૧
ફળ એનાંછે અમાપ,વેઠી નહીં સકું બાપ, કૃપા બળથી સંહરોરે. પ્ર૦ ૨
કર જોડી નમી કહું, ચરણુ શરણુ ગ્રહું, દુખી દેખી દયા ધરોરે પ્ર૦ ૩
મોટા મનવાળા નાથ,તારે નથી મોટી વાત,પણુ મ્હારેતોછે મરોરે પ્ર૦ ૪

છોડાવી ધો ખોટાહેવા, કરાવી લ્યો સારી સેવા, અનંતને ન વીસરોરે પ્ર૦ ૫

પદ ૫૩

રાગ કાફી

પ્રભુજી તને મુકીને તે હું ક્યાં જાઉંરે. ટેક.

જગતનો તું છે નાથ, સના બધી તારે હાથ, પછી બીજા કોને ચાહુંરે;
પ્રભુજી૦ ૧

તેંજ મને દીધો દેહ, તુંજ પાળે રાખી સ્નેહ, તારૂં આપેલુંજ ખાઉંરે;
પ્રભુજી૦ ૨

તારા વિના બીજાં બધાં, પોતેજ ન રહે સદા તેનું શું શરણુ સાહુંરે;
પ્રભુજી૦ ૩

તારૂં ધારેલુંજ થાય, તુંજ તારે તો તરાય, માટે ગુણો તારા ગાઉંરે;
પ્રભુજી૦ ૪

લાગી ચુકી તારી છાપ, તને માની લીધો બાપ, અનુ તારોજ કહેવાઉં;
પ્રભુજી૦ ૫

પદ ૫૪

રાગ કાફી

પ્રભુજી તમે સદા રહો સાહ્યકારીરે.

અતી અઘરો સંસાર, દુઃખ ભય હારોહાર, ભૂલવણી ભારી ભારીરે;
પ્રભુ૦ ૧

ભૂલી ભાન ઘડી ઘડી, કુમારગે જઇએ ચઢી, આવે પીડા ન્યારી ન્યારીરે;
પ્રભુ૦ ૨

સુખમાં ન ભક્તિ થતી, દુઃખનાં ન રહેતી ધૃતી, મતી અમારી વિકારીરે;
પ્રભુ૦ ૩

અમારૂં બળ નકામ, ખરીતકે ખોઇએ હામ, નામની પ્રીતિઅમારીરે;
પ્રભુ૦ ૪

અનંતછીએ લાચાર, કેવળ તારો આધાર, તારી માત્ર આશાધારીરે;
પ્રભુ૦ ૫

પદ ૫૬

રાગ કાફી.

અમારી સદા ફિકર રાખજે હરીરે. ટેક.

અમેતો મુરખછીએ, હમણાં કહીએ પણ, ઘડીમાં જઈએ વીસરીરે;
અમારી૦ ૧

જાણી ન સકીએ ચિત્ત, શેમાંછે અમારૂં હીત, બુદ્ધિ અમારીછેઝરીરે;
અમારી૦ ૨

હાલ મન કાંઇ કહે, ઘડી પછી કાંઇ ચહે, ક્ષણે ક્ષણે જાય ફરીરે;
અમારી૦ ૩

ઘડીમાં ધારીએ જ્ઞાન, ઘડીમાં ભુલીએ ભાન, ક્યાંહી ન સકીએ ઠરીરે;
અમારી૦ ૪

સ્નેહે સદા સાથે રહી, પ્રભુ બાંહે રાખે ગ્રહી, કૃપાનિધિ કૃપા કરીરે;
અમારી૦ ૫

બાળને સુધારો તાત, અનુ અમે જોડી હાથ, કહીએછીએ કરગરીરે;
અમારી૦ ૬

પદ ૫૭

જલ ભરૂં કે પીછી જાઉં એ રાગ.

પ્રભુજી મને ઉતારજો ભવપાર, લક્ષ્મીના સ્વામી, મને ઉતારજો ભવપાર ટેક

ભુલવણી છે ભારે ભારે, ભવમાં ઠારો ઠાર લક્ષ્મી૦ ૧

દેવરૂપી પણ ભૂલે છે ત્યાં, માણસના શા ભાર. લ૦ ૨

આખા ભવમાં માત્ર આપનો, સાચો છે આધાર. લ૦ ૩

સહુ બંધાયાં નિજ જંજાળે, કોણ કરે ત્યાં વ્હાર. લ૦ ૪

અનુ કહીને રહીએ વિશ્વાસે, પછી માર કે તાર. હે૦ ૫

પદ ૫૭

રાગ ઉપર પ્રમાણે

કૃતિ સહામું ન જોશો જગદીશ, હે કરૂણાસિંધુ, કૃતિ સહામુ ન જોશો. ટેક
ટેવ પડી ગઈ તે નથી ટળતી આવ કરીએ દીનાનાથ. હે કરૂ. ૧
દુઃખથી મૂઢ થએલાં અમપર, કદી ન કરશો રીશ. હે૦ ૨
દુખના દાગે સુંદાઇ જઇએ, સુણો અમારી ચીશ. હે૦ ૩
કરગરીએ તમને કર જોડી, નમીએ નામી શીશ. હે૦ ૪
અનુપતી તારી કૃપા વિના કંઈ, નહીં સુઝે જગદીશ. હે૦ ૫

પદ ૫૮

રાગ ઉપર પ્રમાણે

તમે રાખો અમારી લાજ, હે સીતા સ્વામી, તમે રાખો અમારીલાજ. ટેક
ભરદરીએ ભારે વમળોમાં, ડોલે છે મુજ ઝાઝ. હે સીતા૦ ૧
દાવાનળમાં બળતાં દેખી, આણો દીલમાં દાઝ. હે૦ ૨
નરકે ધકેલનાર મળ્યો છે. જગતનો તો સહુ સાજ. હે૦ ૩
તમે સુધારો તોજ સુધરશે, કથળ્યું છે મુજ કાજ. હે૦ ૪
અનુ લાચાર ચરણુમાં વળગ્યાં, છોડી છેક પતરાજ. હે૦ ૫

પદ ૫૯

રાગ ઉપર પ્રમાણે

પ્રભુજી તમે રાખો અમારી સંભાળ, હે જગદીશ હરી, તમે રાખો. ટેક
બાપ જાણીને આવ્યાં શરણે, દુઃખી અમે સૌ બાળ. હે જ૦ ૧
જગનાં દુઃખડાં અનેક વિધને, તે પર કાળ કરાળ. હે૦ ૨
અમથી કશું નથી થઇ સકવું, માત્ર છીએ વાચાળ. હે૦ ૩
ભક્તિ ભજન કરાવો આપજ, ભકતોના પ્રતિપાળ. હે૦ ૪

કુમતિ ટાળો પાપો બાળો, પાળો અનુરખવાળા. હે૦ ૫

પદ ૬૦

રાગ " રાધાના વર શીદને લુટો " એ રીતનો

હે લક્ષ્મીના નાથ અમેતો તમારાં,નમીએ જોડી હાથ અમેતો તમારાં ટેક
આવ્યાં ચરણ કમળને શરણે, શ્રી વૈશ્નવ સહુ સાથ. અમેતો૦ ૧
ભવસાગર છે ઘણોજ વસમો, ઝાલી રાખો હાથ. અ૦ ૨
કુટેવ સઘળી આપજ ટાળો, પાળો દીન ને રાત. અ૦ ૩
કાપો પાપ અમાપ અમારાં, સાચાં માનિ તાત. અ૦ ૪
અનંત સેવ કરાવ્યાં કરજો, અમને વિધવિધ ભાત. અ૦ ૫

પદ ૬૧

રાગ ઉપર પ્રમાણે

હે શ્રીવર ભગવાંન, શરણ અમે આવ્યાં
કરણા તણા નિધાંન, શરણ અમે આવ્યાં. ટેક
ચૌદ લોકમાં નથી કોઇ પણ, કૃપાળ આપ સમાન. શરણ૦૧
સાચા સ્વામી તમેજ સૌના, મહાન શકિતમાન. શ૦ ૨
સહુ દેવોને તમેજ આપ્યાં, અધિકારોને સ્થાન. શ૦ ૩
જે માગે તેને ઝટ આપો, પ્રેમે અભય પ્રદાન. શ૦ ૪
આશ અમારી અનુપતી પુરો, આપો ભકિત જ્ઞાન. શ૦ ૫

પદ ૬૨

રાગ ઉપર પ્રમાણે

મંગલ હો શ્રીમાન પ્રભુ ઉપકારી.
કરૂણાઘન ભગવાન, પ્રભુ ઉપકારી. ટેક
આપી આ ઉત્તમ નર દેહી, કરૂણા કરી મહાન. પ્રભુ૦ ૧
ભવમાં ભૂલાં પડેલ અમને, આપે આપ્યું ભાન. પ્રભુ૦ ૨

સમજ પાડીને શરણે લીધાં, દીધુ અભયનું દાન. પ્રભુ૦ ૩
ફળે ફળેજ કરાવી લ્યોછો ભકતી દર્શન જ્ઞાન. પ્રભુ૦ ૪
એમજ રીતે અંતે લઈ જાશો, અનંત નિજ સ્થાન. પ્રભુ૦ ૫

પદ ૬૩

રાગ ધુનને મળતો

સીતાપતીસરકારમને ભૂલશો નહીંરઘુવંશી સરકાર મનેભૂલશોનહીં.ટેક.
ભલે રહ્યાં જગતમાં સ્નેહી નર નાર, સાચો ને સદાનોતો છે આપ-
નોજ પ્યાર રઘુ૦ ૧
ભલે રહ્યા જગતમાં મોટો પરિવાર, તું વિના કોઇનો નથી સંબંધ
રહેનાર. રઘુ૦ ૨
ભલે રહ્યાં જગતમાં ધન ઘરબાર, તારા વિના બધાં એ છે અંતે
છોડનાર. રઘુ૦ ૩
ભલે રહ્યાં જગતમાં કલ્યાણ ચહાનાર, તારી કૃપા વિના એ બધાં
બને લાચાર. રઘુ૦ ૪
તારોજ ભરોંસો ધારૂં તારોજ આધાર, અનંત તને તજી નથી કહીં
જનાર. રઘુ૦ ૫

પદ ૬૪

રાગ ઉપર પ્રમાણે.

સીતાપતિવારંવાર મને સાંભર્યાકરો,રઘુપતી વારંવારમને સાંભર્યાંકરો.ટેક
એની મેળે ઉઠયાં કરે જગના વિચાર, એક પછી બીજો કેમે આવે
નહીં પાર સીતા૦ ૧
હૃદય ચંચળ ચાલ્યું જાય હારોહાર, આપને સંભારવા ન લાગે દે-
લગાર સીતા૦ ૨
નથી છોડાતી એ ટેવ પડી દુઃખકારે, કૃપા કરી આપજ એનો કરો

સંહાર સીતા૦ ૩

ભુલાવનારોજ બધો મજાનો છે સંસાર, સુધરવા સારૂ માત્ર આપનો આધાર સીતા૦ ૪

મનના વીકારો પાસે થાઉંછું લાચાર, માટેજ માગણ કરૂં આપને પુકાર સીતા૦ ૫

પ્રકટાવો આપજ અનુને સાચો પ્યાર, કરજોડી એજ માગું કરી નમસ્કાર સીતા૦ ૬

પદ ૬૫

રાગ ઉપરનો

માતા પીતા સીતારામ મને પોતાનો ગણો સુખદાતા સીતારામ મને પોતાનો ગણો ટેક

આપ સુધ લીધા કરો સદા રહી સાથ, પ્રભુ ઝાલી રાખો ભવસાગરમાં હાથ. માતા૦ ૧

જ્ઞાન મળે બળે સહુ પાપોના ભંડાર, એવાજ પ્રસંગો આપ્યાં કરો વારંવાર. મા૦ ૨

છુટે મોહ જગતનો તુટે સહુ બંધ, આપો દીવ્ય જ્ઞાન મને મટાડી દયો અંધ મા૦ ૩

પાપોના પ્રસંગોથકી રાખો સદા દુર, થાપો મારા હ્રદયમાં ભકિત ભરપૂર. મા૦ ૪

સેવાના વિવિધ લ્હાવા અપાવો હમેશ, અનંત ને થવા દ્યો ક્ષણે કલેશ દ્વેષ. મા૦ ૫

પદ ૬૬

રાગ એજ.

પ્રભુ કૃપાના નિધાન કૃપા અધિક કરો, સ્તુતી ધારો મારી ધ્યાન કૃપા

અધિક કરો ટેક

ખાવાને પીવાને જેવું નિત્યે આપો આપ, ભકિત પણ તેમ આપ
આપો માને બાપ. પ્રભુ૦ ૧

અમથીનો કશુંએ નહીં બને કૃપાળ, આપજ અમારી રાખો સદૈવ
સંભાળ. પ્રભુ૦ ૨

ઘણુંએ ચાહીએ પણ મુઝાઇ જવાય, પહોંચે પ્રભુ માગીએ છીએ
સહાય. પ્રભુ૦ ૩

પાપ રૂપ એકે કૃત્ય અમથી ન થાય, અંતર એવું કરો જે સુકૃત્ય
જ થાય. પ્રભુ૦ ૪

કરગર કાને ઝટ સુણો કૃપાનાથ, વિનવીએ અનુ અમે જોડી બેઉ હાથ.
પ્રભુ૦ ૫

પદ ૬૭

શ્રીનારાયણારે, મુજને કેવળ આશ્રય તારો.
દેવ દયાધનારે, સાચો સ્વામી તું છે મ્હારો.
સ્નેહી સગાં મળ્યાં અહીંયાં પણ સરવે તજી જનારાં,
પોતાનાજ દુઃખે ડુબેલાં, છે પરતંત્ર બીચારાં. શ્રીનારાયણારે૦ ૧
ખરાં દુઃખોનો જાતે ખમવાં મટે ન કોઇથી લેશે,
આફતનું ઓસડતો એકજ તુંજ સદા સહુ વેશે. શ્રીનારાયણારે ૨
સ્વ૬ જગતનો બધો નકામો. નવ ધાર્યો મળનારો,
તુંતો સદા વસ્યો અંતરમાં, અનુપમ લાગે પ્યારો. શ્રીનારાયણારે ૩
માધવ મારો નિશ્ચય નબળો, ઘડી ઘડીમાં ડગતો,
કષ્ટ એજછે કે હું નિશદીન, નથી ચરણમાં ટકતો. શ્રીનારાયણારે.૪
અનંત માગુછું કર જોડી. પૂરણ દયા વરસાવો;
અખુટ પ્રીતિ ભરો હૃદયમાં કૃપા દ્રષ્ટી વરસાવો. શ્રીનારાયણારે. ૫

પદ ૬૮.

સુખ લ્યો શ્રીપતીરે, અમને જાણીને નિજ છોરૂં.
શું કરીએ સ્તુતિરે, અમેતો નિવડયાં છેક કછોરૂ ટેક.
તન ધન કુટુંબ તેં સોંપ્યાં તે માની લીધાં અમારાં,
ભૂલી ગયાં તને પણ છેકજ નીમકહરામ નઠારાં. સુખલ્યો. ૧
શુભ કરવાને સાધન પામ્યાં, તેથી કીધાં કુડાં;
તારો ભય પણ જરી ન ધાર્યો બન્યાં કૃતઘ્ની ભુંડાં. સુ૦ ૨
તેતો કૃપાળ કૃપાજ કીધી, સત્ય વાત સમજાવી;
તોપણ નવી ચેતતાં મુરખ, રાગ દ્વેષ ઉર લાવી. સુ૦ ૩
હજીએ તુંતો પુજ્ય પીતાજી, પ્રેમથીજ પાળે છે;
અમો અભાગીની તો તોપણ એજ ટેવ હાલે છે. સુ૦ ૪
મોત સુધી તું ક્ષમા કરીશ પણ, પછી વેઠવું પડશે;
અનુપતી નહીં હાથ ગ્રહેતો જરૂર કર્મ સહુ નડશે. સુ૦ ૫

પદ ૬૯

દોષો છે ઘણારે. માગું ક્ષમા પ્રભુ કર જોડી.
દેવ દયાધનારે, લાગુ પદ કમળે મદ છોડી. ટેક.
સમજ્યા છતાં નથી સચવાતું, થયાં જાય છે પાપો
કુમતી કાપો સુમતી આપો, ચિત્ત ભકિતમાં થાપો. દોષોછે૦ ૧
અનેક ભવનાં કરી મૂકેલાં. કર્મ ફળો પાકે છે;
તેથી ત્રાસી ચિત્ત વીમાસી દાસ સ્તુતિ ભાખે છે. દો૦ ૨
મતી ભમાવે જ્ઞાન ભૂલાવે, વિધવિધ ભયો ડરાવે;
અનેક વિધનાં દુઃખ કૃતિનાં ફળ, હામ તમામ હરાવે. દો૦ ૩
કરતાં કીધાં હવે વેઠવાં, એ વસમી છે ઘાંટી;

દારુણ દવ એ દેવ શમાવો કરૂણા જળથી છાંટી. દો૦ ૪
દીન બનીને દેવ કરગરૂ સેવા માગુ સ્વામી;
આપો તે અનંતના સ્વામી સુખથી રહું વિરામી. દો૦ ૫

પદ ૯૦

સામું જુવો હરીરે, મારા સઘળા દોષ વીસારી
દયા દીલ ધરીરે, દેવા સુધર્યો સત્વર મ્હારી ટેક.
મન કીધું મે તમને મળવા, રળવા કૃપા તમારી;
દુઃખ ટળવા અઘ બળવા ચાહ્યું, આશ આપની ધારી. સામું.૧
પૂર્વ કર્મ ફળેને માયા બળ આગળ કશું ન ચાલે;
જોયાં કરશો મારી વાટતો, નહીં સુધરૂં કોઈ કાળે. સા૦ ૨
કહેવા વિણ કશું એ નિજ બળથી, નથીજ બનતું દેવા;
માટે આ બ્હાનાથી માધવ, આપો સારી સેવા. સા૦૩
આશ ખરેખર એ મારી છે અંતરજામી જાણો;
તે પણ કેમ ન પૂરો કેશવ, હવે દયા દીલ આણો. સા૦૪
ઘડી ઘડીમાં દુઃખી બનુછું, વય ઘટતુ જાયે છે;
અચળ શાન્તિમય સેવ પાંમવા અનંત ચિત્ત ચાહે છે. સા૦૫

પદ ૭૧.

લક્ષ્મીના પતીરે, સૌથી વ્હાલો જગમાં તું છે.
તજી બીજી મતીરે, કેવળ તારૂં શરણુ ગ્રહ્યું છે. ટેક.
તન સાધન સહુ તેંજ દીધાં છે તુજ મને પાળે છે
સંભારેથી સંકટ મ્હારાં તુજ તુરત ટાળે છે. લક્ષ્મીના પતી૦ ૧
વિષમ મારગે વહી જાતાં તુંજ મને વાળે છે;
કરગર સુણી કૃપા કરીથી, તુજ પાપ બાળે છે લ૦ ૨
ઘડી ઘડી અહીં અનેક સુખડાં, તુંજ મને આલેછે;

તરી કૃપાથીજ સંસારે, દાસ સુખી મ્હાલેછે. લ૦ ૩
સુમતિ ભકિત જ્ઞાન હ્રદયમાં, તુજ પ્રભુ પ્રકટાવે;
મુજથી ધ્યાન ભજન ને સેવન, તુંજ કરાવે ભાવે. લ૦ ૪
તારો આશ્રય બન્યો રહેછે, તેમજ સદૈવ રહેશે;
તારી કૃપાથીજ અનુ અંતે, નિત્ય સુખો પણ લેશે. લ૦ ૫

પદ ૭૨

" રાગ કાલીંગડો " " રતનાર નેનાં જાકે " એ દેશી

સીતાનાથ શરણે તમારે, આવી વળગ્યો શરણે તમારે હેસીતાનાથ ટેક
હું પાપી મહા અધમ દૂર્મતી, કરણી નીચી ભારે;
આવ્યો તારા આશ્રય નિચે, તુજવિણ કોણ સુધારે. હે૦ ૧
ત્રાહિ ત્રાહિ પુકારી યાચું, આવીને તુજ દ્વારે;
કૃપા કરો કરૂણાના સાગર, તુજ વિણ નાહીં કોઇ તારે. હે૦ ૨
હુંથી તો નહીં બને કશું પણ, પડયો ભરોંસે ત્હારે;
બાજીછે તારે હાથ આપલા, મારે ચાહે ઉગારે હે૦ ૩
મોટા દીલથી નાથહું ભણી, નજર કરો આ વારે;
રાંક દીન લાચાર બાળને તુજવિણ કોણ સંભારે. હે૦ ૪
હે શ્રીરામ જાનકી જીવંન દશરથ રાજ દૂલારે;
અનંત કદી નિરાશ થશે નહીં, પડયો ભરોંસે ત્હારે. હે૦ ૫

પદ ૭૩.

રાગ એજ

રઘુનાથ હાથ ગ્રહો મ્હારો, મને કરો પોતાનો પ્યારો રઘુનાથ ટેક.
તુજ સમાન દાની ન કોઇપણ, મોં માગ્યું દેનારો;
એ જાણી આશા ઉર આણી પકડયો પાલવ ત્હારો હે રઘુનાથ ૧
તુજ સમનથી વડા દીલ વાળો, કોઇ ક્ષમા કરનારો;

તે તુજપાસ પ્રભુ હું યાચું દોષ અસંખ્ય નિવારો. હે૦ ૨
એકવાર પણ શરણું માગે તેને નીશ્ચય તારો;
તો હું ફરી ફરીને કહું છું, શરણે છઉં ઉગારો. હે૦ ૩
ભુંડો છઉં પાપી છઉં પૂરો, અપરાધી છઉં નઠારો;
ક્ષમા કરો માફી દયો દેવા, કૃતિઓ નવ સંભારો. હે૦ ૪
પતીપાવન અધમ ઓધારણ, ગુલામ છઉં નકારો;
સેવક છઉં વેચાણ સદા છઉં અનંત ત્હારો તારે. હે૦ ૫

પદ ૭૪

રાગ એજ

રઘુનાથ અરજ ઉરધારો, સીતાવર વિનતી સ્વીકારો. હે રઘુનાથ ટેક.
ભવસાગર વચમાં અગડાઉં, છોડયો મે દુર કીનારો;
ડુબું છું દેવા ડુબું છું, તારો શ્રીવર તારો. હે૦ ૧
તૃષ્ણાને માયાના મારથી, નાથ હવેતો હાર્યો;
દયા નિધાંન જુવો મુજ સ્હામું, લાવો દુઃખનો આરો. હે૦ ૨
ઘડી ઘડીમાં હુ ચુકું છું, ક્ષમા કરો અણસારો;
પોતાનો જાણો સીતાવર, આજીજી ઉર ધારો. હે૦ ૩
દીન અકિંચન એદી બાળક, યાચક સેવક ત્હારો;
હાથ ઝાલ શ્રી નાથ રાજવી; દે મુજને સંધીયારો. હે૦ ૪
શરણાગતને સદા સુધારો, ઉધ્ધારો સ્વીકારો;
ચરણ કમળમાં પડયો પુકારે, રાંક અનંત બીચારો. હે૦ ૫

પદ ૭૫

રાગ એજ

શ્રી લક્ષ્મા સુણ વિનતી અમારી, કરગરીએ તને પુકારી. હેલક્ષ્મીમાટેક
બાળ ફસ્યાં જગની જંજાળે, કાળ તણો ભય ભારી;

લે સંભાળ કોઇ નથી એવું, પુરણ છે લાચારી. શ્રી૦ ૧
નિજ કૃતિથીજ અમે બંધાયાં હજી પાપછે ભારી;
એ સમજી સંતાપ રહેછે, છે હાલત દુખીયારી. શ્રી૦ ૨
દુખીયાંની દીલ દયા લાવવી, એવિ ટેવજ છે ત્હારી;
તેથી ત્હારે શરણે આવી અરજી અમે ઉચ્ચારી. શ્રી૦ ૩
તારે વશછે ત્રિલોક સ્વામી તુંછે એના પ્યારી;
ઉચિત લાગે તેવું માડીતું, કર કરૂણા ઉરધારી. શ્રી૦ ૪
મહા દુષ્ટને માત્ર સંઘરે, સઘળા વાંક વિસારી;
માટે અનુ પડયાં તવ પદમાં, પૂર્ણ ભરોંસો ધારી. શ્રી૦ ૫

પદ ૭૬

રાગ એજ

કૃપાનાથ કૃપા વરસાવો, પ્રભુ આપ ઉપર છે દાવો હે કૃપાનાથ ટેક
અનાથના પણ નાથ શ્રીહરી, જગના નાથ કહાવો;
અમેતો છીએ ચરણનાં આશ્રીત, બાહે ઝાલીને નીભાવો. હે૦ ૧
કહેવાયાં જગમાંહે તમારાં, તેવી કૃતીયો કરાવો:
રાત દિવસ વિધવિધ સેવાના, મહાન લ્હાવા અપાવો. હે૦ ૨
જગની જંજાળોમાં ફસાતાં, તમે હરી અટકાવો;
જ્યાં તમને ભૂલી જઇએ કે, તુરતજ સ્મરણ કરાવો. હે૦ ૩
મોહ જગત ઉપરથી માધવ, તમે બધો ઉતરાવો;
વૃત્તી સરવે ચરણમાં વાળો, ભક્તિ ખુબ કરાવો. હે૦ ૪
એમ અહીંજ સહુ અઘ બાળી, તમે તેડવાને આવો;
અનુપતી અમને વૈકુંઠ વીશે પછી, અનંત કાળ વસાવો. હે૦ ૫

પદ ૭૭

રાગ એજ

ઉપકાર તમારા બારેરે, હે શ્રી નિવાસા, હું દેખું વારેવારેરે. હેશ્રીનિવાસા
મેં જે માગ્યું તે આપ્યું, દુઃખ પડતાવેંતજ કાપ્યું, મન નિજ પદ
માંહે થાપ્યુંરે. હે શ્રી નિવાસા૦ ૧
હું ચુકયો ધર્મો મ્હારા, પણ આપ ચુકયા નહીં પ્યારા, વરસાવો ક-
રૂણા ધારીરે હે૦ ૨
બેઉ લોક તણું હીત મ્હારૂં, તમે કરતા ન્યારૂં ન્યારૂં, શું શું હું તે
સંભારૂંરે. હે૦ ૩
પ્રભુ તુજ જેવો સુખદાઇ, તુજ જેવી મન મોટાઇ, નથી કયાંહી વિ-
શ્વની માંહીરે. હે૦ ૪
અનુ જે તુજ શરણ રહે છે, તે ખરી મજા જાણે છે, સાચાં સદભા-
ગી એછેરે. હે૦ ૫

પદ ૭૮

રાગ એજ

છો આપ સરવથી વ્હાલારે, પ્રભુ સુખકારી. સાચા માબાપ કૃપાળારે;
પ્રભુ સુખકારી. ટેક.
પરતંત્ર જગતનાં જન છે, અસ્થિર તન સુખ સાધન છે, કેવળ તુજ
આશા મન છેરે. પ્રભુ૦ ૧
છે મૃત્યુનો ભય માથે, નથી કાંઈ આવવું સાથે, બાજીછે તારે હા-
થેરે. પ્ર૦ ૨
જગમાં પણ દુખ બહુ ભાતી, પામે છે જન દીનરાતી, મારેતો તું છે
સાથીરે. પ્ર૦ ૩

બાહુ પાપ કર્યાં ને કરતો, મન શોચ કરો ફરી ડરતો, કર જોડીને
કરગરતોરે. પ્ર૦ ૪

તુજ વિણ નહીં કોઇ સુધારે, જગમાં રહું નીશદીન હારે, અનુ પ-
ડ્યો ભરોસે તહારે. પ્ર૦ ૫

પદ ૭૯

રાગ એજ

મુજથી નથી કંઇએ થાવુંરે, દેવ દયાળુ, તુજ વિના નથી દુઃખ
જાવુંરે પરમ કૃપાળુ. ટેક.

ઘડીઘડીમાં તને વિસારૂં, ઉર કામ ક્રોધ મદ ધારૂં, દુઃખ દેખી હીંમત
હારૂં રે દેવ. ૧

સમજ્યું કંઈ કામ ન આવે, વિધવિધ વિષયો લલચાવે, ઝટ ભાન
જ્ઞાન ભૂલાવેરે દેવ. ૨

નહીં રહી શકું નીતિ ધારી, પળપળ મતી બને વિકારી, પ્રીતિ એ
સ્વારથી મ્હારીરે. દેવ. ૩

જગનાં સુખ ચાહે જાઉં, માયામાં અધિક ફસાઉં, સેવાનો માર્ગ ન
સાહુંરે. દેવ. ૪

ના લાયક ખુદને જાણી, અનુ વિનવું જોડી પાણી, લ્યો સુધારી ક-
રૂણા આણીરે. દેવ. ૫

પદ ૮૦

રાગ એજ

સમરૂછું શ્રી જગ સ્વામીરે, અંતર જામી. પ્રણમુછું પદ શીર નામીરે,
પૂરણકામી.

આપજ અંતરમાં આવો, બીજુ સઘળું વિસરાવો, નિજ દિવ્ય જ્ઞાન
પ્રકટાવોરે. અંતર. ૧

ઉપકારો સરવ સ્મરાવો, સાચી પ્રીતી પ્રકટાવો, ભક્તિ ફરમાં ઉભ-
રાવોરે. અંતર. ૨

આનંદ સિંધુ કહેવાઓ, તેના અનુભવે જણાઓ, પરીપૂરણ કૃપાળ
થાઓરે. અંતર ૩

નવ જાણું કે શું કહેવું, નવ જાણું કે કેમ રહેવું, જાણું ન શી રીતે
સેવુંરે અંતર. ૪

પ્રભુ સઘળું આપ કરાવો, બ્હાનાની લાજ નિભાવો, કરો સફળ અ-
નુનો દાવોરે. અનંત ૫

પદ ૮૧

"દીનનો દયાળ છોડી" એ રાગ.

વેંકટેશ આપ મને સર્વ થકી વ્હાલા. ટેક.

આપના આધાર વતી, છુટ્યું જગત પ્રતી, આની દયા દીને દીને
દીને હે દયાળા. વેંકટેશ. ૧

સાચી છે પ્રીત માત્ર, આપની પવિત્ર ગાત્ર, શાસ્ત્રમાં પ્રસિદ્ધ શ્રેષ્ટ
આપજ કૃપાલા વેંકટેશ. ૨

દાતાછો સત્ય તાત, ત્રાતાછો વિશ્વનાથ, ધાતા વિધાતાછો દશરથના
લાલા. વેંકટેશ. ૩

મોટાછો જેમ હરી, સાદાછો તેમ ફરી, ધ્યાન ધરી નમું અનુ પ્રણુત
પ્રતીપાલા. વેંકટેશ. ૪

પદ ૮૨

રાગ ઉપર પ્રમાણે

પ્રાણુથી અધિક પ્રિય વેંકટ વીહારી. ટેક.

હૈયાના હાર તમે, જીવન આધાર તમે, સાર તમે વિશ્વમાંહે માત્ર ચક્ર
ધારી. પ્રાણુથી૦ ૧

નયનનો પ્રકાશ તમે, હૃદયનો વિલાસ તમે, પાસ તમે રહો કૃપાનાથ
સદા મ્હારી. પ્રા૦ ૨

રક્ષકછો તાત તમે, સાથી દીન રાત તમે, નાથ તમે બાંહે ગ્રહી કૃપા
કરી ભારી. પ્રા૦ ૩

સાચા શ્રીમંત તમે, શ્રેષ્ટ ગુણવંત તમે, અનંત હું રમા કંથ ઉપર
બલીહારી. પ્રા૦ ૪

પદ ૮૩

રાગ એજ.

હે કૃપાળ શ્રીનિવાસ વેંકટેશ પ્યારા. ટેક
માત તાત બંધુ ભ્રાત આપજ અમારા,
રક્ષક સદૈવ નાથ છો જગદા ધારા; હે૦ ૧
તાપ દગ્ધ દુખી! અમે બાળકો બીચારા,
શાન્ત કરો કૃપા નાથ કરી દયા ધારા; હે૦ ૨
આશ ધરી પદ્મ પાદ ગ્રહ્યા છે તમારા,
કૃપા કરી ભસ્મ કરો પાપ કાષ્ટ ભારા; હે૦ ૩
સેવ કરાવો સદૈવ તન મન ધન દ્વારા,
અનુ ઉરેથી ન થશો ક્ષણે પ્રભુ ન્યારા; હે૦ ૪

પદ ૮૪

રાગ ઉપરનો.

દીનની સુણો પૂકાર વેંકટેશ દેવા ટેક
ક્યાં લગી ત્રિવિધ તાપ બાપ! અંગ રહેવા,
કદીએ વિરામ માહે પાપ ન દે રહેવા; દીન૦ ૧
વાર વાર દ્વાર પાસ આવ્યો હું કહેવા,
સુણો નહીં સાદ કેમ થયા છેક આહેવા; દીન૦ ૨

નયનોથી નીર નાથ ચાલ્યાં બહુ વહેવા,
તો એ નહીં ધાઓ તમે કરૂણાઘન કહેવા; દીન૦ ૩
ક્ષમા કરી દોષ ભુલાવી કુબાંડ હેવા,
આપો સુખથી અખંડ અનંત ને સેવા; દીન૦ ૪

પદ ૮૫

રાગ વણજારાનો.

નથી એક છુટક મારી, છે આશા માત તમારી. ટેક
છઉં પુર્વ થકી હું પાપી, વૃત્તી વિષયોમાં વ્યાપીરે;
તેમ કૃતિઓ સર્વ નઠારી. છે આશા૦ ૧
તન સુખ માગે બહુ ભાતી, મન વશ ન રહે મારાથીરે;
ભક્તિ ન થતી સુખકારી. છે આશા૦ ૨
નવ શાસ્ત્ર કર્મ હું જાણું, નથી સ્વધર્મનું ઠેકાણુંરે;
સરવે વાતે લાચારી. છે આશા૦ ૩
પૂછનારો તુજને જાણી, ઉર ડર અતી ભય આણીરે;
તોએ રીતી ન સુધારી છે આશા૦ ૪
અનુએ ધાર્યું છે મ્હાનું, એ નથી આપથી છાનુંરે;
તેથી અરજી ઉચ્ચારી. છે આશા૦ ૫

પદ ૮૬

રાગ ઉપરનો.

મેં તજી સરવને પ્યારા, પદ પકડ્યા નાથ તમારા.
જગ જનની મમતા છોડી, તવ ચરણે પ્રીતી જોડીરે;
પણ તોએ રહો કેમ ન્યારા. પદ૦ ૧
જગ સુખમાં મગ્ન ન થાઉં, તવ સેવા સુખથી ચાહુંરે;
પણ તે ન મળે તમ દ્વારા. પદ૦ ૨

અને હમણાં લગી નિભાવી, નાંખ્યો શું છેક મુઝાવીરે;
શું દોષ સાંભર્યા મ્હારા. પદ૦ ૩
પોતાનો પ્રપન્ન જાણી, અંતરમાં પ્રીતી આણીરે;
વરસાવો કરૂણા ધારા. પદ૦ ૪
મેં યત્ન કર્યો નથી ભારી, રાખીછે આશ તમારીરે;
જાણોછો જગદા ધારા પદ૦ ૫
ક્યાં લગી વિપતિ આ રહેશે, ક્યાં લગી કષ્ટ અનુ સ્હેશેરે;
હદ થઇ હે દુઃખ હરનારા. પદ૦ ૬

પદ ૮૭

રાગ ઉપર પ્રમાણે.

પ્રભુ પાપો થકી બચાવો, ભકિતજ સદૈવ કરાવો.
સાચા મનથી અમે કહીએ, શુભ કર્મજ કરવાં ચહીએરે;
નિત્ય એવો લાગ અપાવો, પ્રભુ પાપો થકી બચાવો. ૧
બહુ વખત કુસંગ ભમાવે, ત્યાં બુદ્ધિ જ્ઞાન નવ ફાવેરે;
સત સંગજ સદા રખાવો. પ્રભુ૦ ૨
ચિત વશ નથી રહેતુ મ્હારૂં, ત્યાં બીજાનું શું ધારૂંરે;
મનને થીર આપ ઠરાવો. પ્રભુ૦ ૩
ભુલાવો ભુંડા હેવા, એ માગ્યું આપો દેવારે;
દીલ દયા અનુપર લાવો. પ્રભુ૦ ૪

પદ ૮૮

બની આવે તો રામ કૃષ્ણ કહીએરે એ રાગ.

તમે વિનતી સુણોને અમારીરે દેવ દયા ધારી. ટેક
શરણે લીમાં છે જેમ કૃપાકરી, તેમ પુરણ ક્યો સુધારીરે; દેવ૦ ૧
તવ ચરણે મન નવ વળગ્યું રહે, એજ વિપતીછે ભારીરે; દેવ૦ ૨

મેવાના સ્વાદ ચખાડો વિવિધ વિધી, એજ મન્નછે અમારીરે; દેવ૦ ૩
ઉરમાં ભરી છે અપાર વાસના, એ સહુ દ્યો સંહારીરે; દેવ૦ ૪
અનંત કર પકડી રાખી ને, ભવ જળથી લ્યો તારીરે; દેવ૦ ૫

પદ ૮૯

રાગ ઉપર પ્રમાણે.

સદા સેવા ચહીએ તમારીરે, શ્રીવર સુખકારી ટેક
અહંકાર મમકાર અમારો, નાંખો છેક સંહારીરે; શ્રીવર૦ ૧
તન મન તાત! કરો તમ લાયક, થાઓ પૂરા ઉપકારીરે; શ્રીવર૦ ૨
જગ માંનું છું ને મારૂં સહુ, લ્યો સ્નેહથી સ્વીકારીરે; શ્રીવર૦ ૩
દીવ્ય જ્ઞાન ભક્તિ પ્રકટાવો, સીંચો કરૂણા વારીરે; શ્રીવર૦ ૪
અનુપતી અગથી કશું નથી થાતું, આશા બાંધીછે તમારીરે; શ્રી૦ ૫

પદ ૯૦

હે શ્રી નાથરે નાથ, અમને સાચી ભક્તિ આપો.
ઝાલી હાથરે હાથ, અમને ચરણોમાં સ્થિર થાપો. ટેક
અમે ઘણું મથીએ નિજ મનથી પણ ક્ષણ ક્ષણ ભુલાતું,
કરવું જોઇએ તેવું તારૂં કીર્તન નથી કરાતું; હે૦ ૧
ભજવા બેઠાં કે મને માંહે અનેક તર્કો ઉઠે,
તમને ભુલી જઇએ તુરતજ, જઇએ એની પૂઠે; હે૦ ૨
થોડું પણ દુખ નથી ખમાતું, ઝટ કહેવાઇ જવાતું,
ક્ષણિક સુખ છે તો પણ તેને, મારૂં મન મસ રહાતું. હે૦ ૩
તારા કરતાં સગાં સ્નેહીમાં, મનડું વધું રહે છે,
જેવી તવ કરૂણા છે તેવું ચિત નવ તને ચહે છે; હે૦ ૪
જેવી જગમાંહે પ્રીતીછે તેવી ચરણમાં વાળો,
અનંત પ્રીતી અમને આપો, અન્ય કુટેવો ટાળો; હે૦ ૫

પદ ૯૧

દેવાધિ દેવા ભગવાન, અમને સુધારજો શ્રીમાન,
કહીએ થઇને આરતવાન, અમને સુધારજો શ્રીમાન. ટેક
અનેક પાપ કરો અનાદીથી, અમે બન્યાં અજ્ઞાન;
આડાં આવે એજ ભૂલાવે, ઘડી ઘડીમાં ભાન દેવા૦ ૧
કર્યાં કર્મનાં ફળો વેઠીએ, નિશદિન દુખો મહાન;
તોએ હજી એનાંએ કરીએ, નથી આવતી સાન. દેવા૦ ૨
થરથરીએ કરગરીએ જ્યારે, આવે સ્મશાન જ્ઞાન;
પલકમાંજ પાપો ઘેરે કે, પાછું એજ તોફાન. દેવા૦ ૩
દુઃખ વધારનારોજ મળ્યોછે જગમાં સહુ સામાન;
મૂળ દુષ્ટને સોબત તેવી, શું ન થાય નુકસાન દેવા૦ ૪
કૃપા કરીને પાપો કાપો, આપો ભક્તિ જ્ઞાન;
અનંત પતિ અમારી અરજી સત્વર ધરજો ધ્યાન. દેવા૦ ૫

પદ ૯૨.

" હું શું જાણું જે વ્હાલે મુજમાં શું દીઠું રે " એ રાગ.
લક્ષ્મીનારાયણ શુધ લેજો અમારીરે;
કૃપાના નિધાન યોગ્ય આપનીજ ધારીરે લક્ષ્મીનારાયણ ટેક
ફરયાં અમે જગતમાં છઇએ દુરાચારીરે;
નિજ બળથી કશું નથી થતું મુરારીરે. લ૦ ૧
સાચી ભક્તિ જ્ઞાને નથી નથી કૃતિ સારીરે;
સાધનરૂપે સહુ વાતોથી છે ભીખારીરે. લ૦ ૨
સાચી સાધ નહીં કરી સકે નરનારીરે;
આખા વિશ્વમાંહે આશા માત્રછે તમારીરે. લ૦ ૩
શાસ્ત્રોએ તમારી બહુ ખ્યાતિછે પ્રસારીરે;

એ જાણી ઉમંગ આણી આરતી ઉચ્ચારીરે. લ૦ ૪.
કરજોડી પ્રણમીએ પ્રભુ શ્રેયકારીરે;
એમાં અધું માની લેજો અનંતનો તારીરે. લ૦ ૫

પદ ૯૩

રાગ ઉપર પ્રમાણે.

વ્હાલાં શ્રીજી માતા સુણો વિનતી અમારીરે;
પોતાનાં બાળોનો લ્યો સંભાળ દયા ધારીરે વ્હાલાં ટેક.
સદા સરવથી તું પ્રભુને વહુ પ્યારીરે;
બીજે કયાંહાં જઇએ મુકી એવી વગ સારીરે. વ્હા૦ ૧
જગમાં ન કોઇ તું સમાન દયા ધારીરે;
પછી શાને કહીએ બીજા કોઇને પુકારીરે. વ્હા૦ ૨
તારૂં વચન કદી ન લોપે શ્રી મુરારીરે,
કદીએ ન કોપે એવી તું છે ક્ષમા ધારીરે. વ્હાલા. ૩
અનંત શિશુનું તું શ્રેય કરનારીરે,
બાળ કયાંહાં જઇએ મુકી એવી માતા પ્યારીરે વ્હાલાં. ૪

પદ ૯૪

રાગ માઢ

પ્યારા વેંકટ રમણા શ્રી હરી, મારા હૈયા કેરા હાર,
પ્યારા સંકટ હરણા શ્રી હરી, મારા હૈયા કેરા હાર. ટેક
મુજને જગમાં માત્રછેરે, હરી તારો આધાર; સારૂં સઘળું તું કરેછે.
વિપતી સમયે વ્હાર; સાચી પ્રીતી તે તારી ખરી. મારાહૈયાકેરા હાર.૧
તુજમાં જેવો સ્વાદ છેરે, તેવો નવ કોઇ ઠામ; તે પણ તેજ દીધો મને,
મારા પ્યારા પૂરણ કામ, થયો ન્યાલ હું તુંજને વરી. મારા૦ ૨
સુખ દુખમય આ જીંદગી છે, મન તેમાં મુંઝાય; એ દૂખદે મુજને હજી,

માટે કર કરુણા જગરાય; માગું પ્રીતિ પાલવ પાથરી. મારા૦ ૩
પોતાનો જાણી પ્રભુજી, દોષો કરો મારા માફ; તુટે કે નહીં ખુટશેરે.
હુંથી અંધનરૂપી પાપ, આપ પળમાં સકશો સંહારી. મારા૦ ૪
વળગ્યો છું વલ્લભ તનેરે, ધારી દ્રઢ વિશ્વાસ; વેગે વેંકટના પતિ,
તમે પૂરો મારી આશ, અંતુ પ્રણમું શીર પદમાં ધરી. મારા૦ ૫

પદ ૯૫

રાગ માઢ

શ્રી નિવાસા તારા નામપર, હું વારૂં મારો પ્રાણ;
તારી કરુણા કેરાં કામપર, હું વારૂં મારો પ્રાણ.
તું જેવું વ્હાલું નથીરે, જગમા મુજને કાંઇ; જીવુંછું જગજીવના,
હું કેવળ તુજને જોઈ જાણીને તારી મીઠી નજર. હું વારૂં ૧
કરુણા તારી પળે પળે ને, કૃત્યે કૃત્યે જોઉં, સમજી તેની શ્રેષ્ટતા હું,
સાચે ભાવે મોહું, દીઠો તુજ સમ કોઇ ન દેનાર. હું વારૂં. ૨
ક્ષમા તમારી શ્રીપતીછે, અપરંપાર અપાર, દોષો શું મારા સંભારૂં;
તુજવિણ વિશ્વાધાર, સાંખી ના શકે કો ઘડીકભર; હું વારૂ૦ ૩
સુખ દીધાં ઘાછો પ્રભુરે, મુજને આપ અસંખ્ય;
ભક્તિમાંરો સ્વારથીને હું નાલાયક તેવોતું દાતાર દયાળવર.હુંવારૂ.૪
ગુણગણ તારાજોઇનેરે, સમરી સહુ ઉપકાર, સ્વરૂપ સંભારી સુખદ;
ઉર આણી અનંત પ્યાર, પ્રણમી સાષ્ટાંગે હે શ્રેયકર. હું વારૂં૦ ૫

પદ ૯૬

ધુતારી ધુતવાને આવીરે એ રાગ.

લક્ષ્મીનારાયણ માને બાપ, હરી હું તને કેમ ભુલુરે;
મને તારોજછે સકળ પ્રતાપ, હરી હું તને કેમ ભુલુરે;
તન મન ધનના દેનાર, હરી૦

ચલવી દે છે તું સંસાર, હરી૦
મને પ્રીતિથી પાલન હાર, હરી૦
નિશ દીન રક્ષણ કરનાર, હરી૦
મારી સરવે પૂજના સાર, હરી૦
મારા હૈયા કેરા હાર, હરી૦
સાચો છે ત્હારો પ્યાર, હરી૦
મારા પ્રાણ તણા આધાર, હરી૦
સુધ લે છે વારં વાર, હરી૦
તારી કરૂણા છે અપાર, હરી૦
વિપતીમાં કરતા વ્હાર, હરી૦
સરવે ભયના હરનાર, હરી૦
મારા કહી કહી પૂર્યા કોડ, હરી૦
મારા કુળ ધન શ્રી રણછોડ, હરી૦
સદા સર્વદા તારાથી છે કામ, હરી૦
તારી કૃપાથીજ રેછે મને હામ, હરી૦
ગભરા ઘભરાટમાં તુ દે છે ધીર, હરી૦
તું લુહે છે મારા નયનનાં નીર, હરી૦
ખાન પાન દે વિવિધ દીન રાત, હરી૦
મારૂં જીવન બધું છે તારે હાથ, હરી૦
આખા વિશ્વ માંહે તારોજ વિશ્વાસ, હરી૦
સહુ વાતે માત્ર તારી ખરી આશ, હરી૦
લાખો લોકો માંહે તારોજ આધાર, હરી૦
સાચો ને સદાનો તારોજ છે પ્યાર, હરી૦
મને તારોજ ભરોંસો છે શ્રીરામ, હરી૦
કરૂં પ્રેમે પદપંકજે પ્રણામ, હરી૦

પદ ૯૭.

રાગ કલ્યાણ " પ્રેમ સભાજનો " એ રીતનો.

શ્રી જગતપતિ; જય દીવ્ય રૂપતિ.
સાંભળો અમારી વિનતી દયાનિધી. ટેક.
તમે અમારાં માત પીતાને અમે તમારાં બાળ;
એ સંબંધે સદા સુધારો, રાખીને સંભાળ. શ્રી૦ ૧
અમે તમારી પ્રજા રાંકડી. તમે ખરા સરકાર;
રક્ષા કરજો કૃપા સાગરા, નમીએ વારંવાર. શ્રી૦ ૨
અપરાધી સહુ અમે તમારાં, સાશન કરતા આપ;
કરજોડીને ક્ષમા માગીએ, માફ કરો સહુ પાપ. શ્રી૦ ૩
અમે ભીખારી સરવ તમારાં, તમે ખરા દાતાર;
સાચાં સુખડાં સદૈવ દેજો, દેજો સાચો પ્યાર. શ્રી૦ ૪
તમે અમારાં સદૈવ સ્વામી, અમે સદાનાં દાસ;
સેવ તમારી સદા કરાવો, રાખીને પદ પાસ. શ્રી૦ ૫
જગત માત્રના શરણ્ય દેવા, અમે શરણ સહુ સાથ;
ભય સહું ટાળોને સંભાળો, તુઠો કરૂણા નાથ. શ્રી૦ ૬
કહીએ તેમજ મનમાં ચહીએ, રહીએ ધારી આશ;
આ તુ નિર્ભય થઇએ છઇએ, આણી દ્રઢ વિશ્વાશ. શ્રી૦ ૭

પદ ૯૮.

રાગ ઉપર પ્રમાણે

હે જગપતિ, મુજમાં મતિ નથી, સુઝવો તમે હું કરૂં તેમ વિનતી ટેક.
કર્મ વિશય વશ મનડું મ્હારૂં, એમાં તે શા ઢંગ;
ઠેકાણે પાડો સંપૂર્ણ, આપજ હે શ્રી રંગ. હે૦ ૧
સેવા શાંતિ ચહુંછું નિત્યે, એમાં નથ સંદેહ;

પણ તે પ્રાપ્ત થવાની રીતી. આપો આણી નેહ; હે૦ ૨

કર્મ ભોગવ્યા વિના થશે કેમ, પુછું વગ આકુનાથ,
તે સમયે કરૂણાળુ મારૂં, હૈયું રાખો હાથ. હે૦ ૩

તન મન સાધન ને જીવનના, માનુંછું માલીક;
બર ઉપાડી લઇને મ્હારો, હરો બધી મુજ બ્હીક. હે૦ ૪

પ્રીત ધરાવો સેવ કરાવો, તમે અપાવો લ્હાંણુ;
ચરણ કમળમાં પડ્યો ભરોંસે, અનંત દાસ અજાંણુ. હે૦ ૫

પદ ૯૯

મને મુકીને ગયો મારો છેલડારે. એ રાગનું.

પ્રભુ ખબર અમારી સદા રાખજોરે,
કર જોડી કહીએ દાસી દાસ શ્રી નિવાસ;
શ્રીનિવાસ ખબર અમારી સદા રાખજોરે.
અમે શરણે આવ્યાં સહુ આપનેજો,
ધારી રાખી છે આપનીજ આશ; શ્રી૦ ૧
તમે વ્હારે રહેજો સદા વીઠલારે,
ઘણો જબરો છે કર્મ તણો ત્રાસ; શ્રી૦ ૨
ખરો આપનો વસીલો ને આધાર છે રે,
ધર્યો આપનોજ પૂરણ વિશ્વાસ; શ્રી૦ ૩
રહો સાથે સંસારમાં બધી જગેરે,
કરાવી લ્યો શુભ કર્મ સુખ રાશ; શ્રી૦ ૪
તમે અંતર જામીછો અનુના પતિરે,
પછી કહીએ શું વધુ આપ પાસ; શ્રી૦ ૫

પદ ૧૦૦

આરતી.

જય દેવ જય દેવ, લક્ષ્મીના સ્વામી જય લક્ષ્મીના સ્વામી;
નારાયણ સુખ ધામી, પ્રભૂ પુરણ કામી. જય દેવ જય દેવ

કંચન વદન શ્રી માન, અતિ અદ્ભુત કાંતી;
રાજીવ રસિક નયનમાં, દયા સુધા શાંતિ. જય દેવ૦ ૧
ચતુર્ભુજ ચિત્ત ચોર, શંખ ચક્ર ધારી;
ભૂષણ ભવ્ય વિભૂષિત, અંક રમા પ્યારી. જય દેવ૦ ૨
માત પિતા સુખ રૂપ, પ્રિય કર હિત કર એ;
ક્ષિર સાગરના વાશી, વેદ વિદિત વર એ. જય દેવ૦ ૩
સમાન કૃપા નિધાન, સહુ સુખનાં દાતા;
શ્રેય ગુણોનાં સાગર, સ્વાશ્રીતનાં ત્રાતા. જય દેવ૦ ૪
ઉરમાં વસો અખંડ, જ્ઞાન ભક્તિ આપો;
નિજ અનંત સેવકમાં, અનંતને સ્થાપો. જય દેવ૦ ૫

પદ ૧૦૧

આરતી

જય દેવ જય દેવ, જય વેંકટ સ્વામી, કૃપાળ પુરણ કામી, પ્રણમું શીર નામી. જય દેવ જય દેવ.

નખ શીખ નિરખું નાથ, ઉમંગ ઉર આણી;
આત્મા ચરણમાં અર્પુ, જીવ જીવન જાણી. જય દેવ૦ ૧
ઉભરે ઉરમાં પ્રેમ, શું મુખથી વરણું;
જગમાં સદૈવ તમને, સરવસ નાથ ગણું. જય દેવ૦ ૨
શું અર્પું પ્રભુ ભેટ, છે સઘળું તારૂં;
તુજ લાયક ત્રિભુવનમાં, કશું એ નવ ધારૂં. જય દેવ૦ ૩
સ્વતઃ સુખી સંપૂર્ણ, શું હું સેવ કરૂં;
વેદ શેષ થાકે ત્યાં, શું હું સ્તુતિ ઉચરૂં. જય દેવ૦ ૪
ક્યાં વિભુ તું જગ રાજ, ક્યાં હું રંક આણું;
અંજલીમાં અંતુ હું, મારૂં સરવગણું. જય દેવ૦ ૫

શ્રીમતે રામાનુજાયનમઃ

લક્ષ્મીપતિના કીર્તનથી કળીયુગમાં તો મુક્તિ છે, એમ શાસ્ત્ર કહેછે. માત્ર નામ સંકીર્તન કરતાં સ્તુતિ પ્રાર્થનાથી વધારે લાભ છે. તે સાદા શબ્દોમાં કહેવા કરતાં ગાયનમાં કહેવાથી વધારે લાભ છે. અને તે ગાતી વખતે તે ગાયનના શબ્દોના અર્થમાં ધ્યાન આપતાં જઈ તેવા ભાવ પુર્વક ગાવાથી તેનું ફળ પુરેપુરૂં મળે છે.

માત્ર ગાવાના શોકથી બાળકો નાટકોનાં ગાયનોને સ્ત્રીઓ બીજાં ગીતો ગાયાં કરેછે તે કરતાં એવાજ રાગનાં ભગવાનનાં ભજન ગાય તો તેમનો ગાવાનો શોક પુરો પડવા સાથે ભક્તિ પણ થાય.

મારાં એવાં પદોમાંથી માત્ર પ્રાર્થનાનાં પદ મંગળાચરણમાં સાત ને પછી એકસો એક મેળવી એકસો આઠ રત્નની માળા હાલ પ્રકટ કરૂંછું. સધવા વિધવા જુવાન ઘરડાં સહુ આ રત્ન કંઠે ધારણ કરી શકે એવાં છે. પથરાનાં રત્ન કરતાં આ રત્નો કંઠને વધારે સોભાવશે. તે એકસો આઠ છે એટલે જેમ ઘણાં ઘરેણાંમાંથી જે દિવસ જેનું મન થાય તે પહેરીએ તેમ નિત્ય જુદાં જુદાં કંઠે ધારણ કરાશે, ને વળી તે શોભા સાથે અમોઘ ફળનાં આપનારાં છે. માટે અમારી એજ વિનતી છે કે કંજુસના ધનની પેઠે પુસ્તક નાંખી ન મૂકશો પણ તેનાં રત્નોને નિત્ય વાપરશો એથી લાભ તમનેજછે.

આવી બીજી માળાઓ પણ કાઢવાનો મારો વિચાર છે. તે પ્રભુ પાર પાડશે.

પાટણ નાગરવાડો.
સંવત ૧૯૪૯ ના પ્ર[illegible]અષાડ સુદ ૫

અનંતપ્રસાદ.